એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિ સેતુ

વર્ષ-૧ • અંક-૬

ઓગસ્ટ-સપ્ટેમ્બર – ૨૦૦૬

**તંત્રી**

હંસરાજ કંસારા

**તંત્રી મંડળ**

અતુલ સોની (૯૮૨૫૦ ૩૦૧૪૦)

કુ. એકતા કટ્ટા - અંજાર (૯૮૭૯૧ ૯૪૩૩૪)

**વ્યવસ્થાપક સમિતિ**

શૈલેષ કંસારા - ભુજ (૯૮૨૫૦ ૩૦૧૪૦)

પ્રશાંત બીજલાની

જયમીન જે. સોની

સૂર્યકાંત સોની

તુલસીદાસ કંસારા

**મુખપૃષ્ઠ ડિઝાઈન**

શ્રી જયેશ ઘડીયાળી

પ્રિન્ટોગ્રાફી, અમદાવાદ.

**કાર્યાલય**

શ્રી હંસરાજ ઠાકરશી કંસારા

એ/૧/૧/૪, સમૃદ્ધિ ફ્લેટ્સ,

રામેશ્વરમ્ એપાર્ટમેન્ટ્સ,

રામદેવનગર, સેટેલાઈટ,

અમદાવાદ-૩૮૦ ૦૧૫.

ફોન : (૦૭૯) ૨૬૮૭૨૩૫૦

**મૂલ્ય : રૂા. ૨૦/-**

**વાર્ષિક લવાજમ : રૂા. ૧૦૦/-**

**E-mail** : gnatisetu@rediffmail.com

'જ્ઞાતિ સેતુ'માં પ્રસ્તુત રચનાઓમાં રજૂ કરેલા વિચારો જે તે લેખકોના છે. 'જ્ઞાતિસેતુ'નું એની સાથે સંમત હોવું આવશ્યક નથી.

## પ્રમુખ સ્થાનેથી....

### સાબરકાંઠે સત્સંગ

જુલાઈ માસની તા. ૨૨મી સુધીના દિવસો સમસ્ત કચ્છી મારૂ કંસારા સોની સમાજ માટે અનેક પ્રકારની, વિમાસણો તથા વિચાર-વિવાદ અને આયોજનના હતા. આવા અઘરા દિવસો પછી તા. ૨૨-૨૩ જુલાઈ, ૨૦૦૬ શ્રી મારૂ કંસારા સોની સમાજ માટે ઐતિહાસિક ઉદય થયો. જ્ઞાતિ ગોરબાપા જે આશરે છેલ્લા ૫૦૦ વરસોથી પેઢી દર પેઢી આપણી સાથે છે, તેમની ઉપસ્થિતિમાં સાબરકાંઠે બેસીને ધખાવેલ ધૂણીના ફળસ્વરૂપે આપણને સૌને એક મહામંડળના આકારની પ્રાપ્તિ થઈ. જેને અનેક સ્થળોના જ્ઞાતિ અગ્રણીઓએ ઉત્સાહથી વધાવી લીધી. શુધ્ધભાવે કરેલી આરાધનામાં સિધ્ધિ અને સફળતા તો મળે છે, સાથે પ્રભુ પ્રાપ્તિ પણ થાય છે. એવા જ્ઞાતિશ્રેષ્ઠી શ્રી પ્રભુદાસભાઈ ખેતશીભાઈ પણ આપણી સાથે છે.

આ સત્સંગના ફળ સ્વરૂપે આપણને શું શું પ્રાપ્ત થયું એનો આછેરો આભાસ આપું તો :

- દૂર દૂરથી આવેલા આપણે સૌ એકબીજાને મળ્યા અને અરસપરસ સ્નેહની વર્ષા કરી સંબંધો મજબુત બનાવ્યા.
- આપણા સમાજની સમસ્યાઓ વિશે વિસ્તૃત અને ખુલ્લા મને ચર્ચાઓ કરી સમાધાન શોધ્યું.
- સંઘ શક્તિ અને સમર્પિત ભાવનાઓ સરસ આયોજન કરી શકે છે તેવું સુંદર ઉદાહરણ આપણને ખેડબ્રહ્માની ભૂમિ પર સાબરકાંઠા સમાજ દ્વારા આયોજીત વ્યવસ્થિત કાર્યક્રમ દ્વારા જાણવા મળ્યું.
- અને સૌથી મોટી ઉપલબ્ધિ એટલે કે, મહામંડળની રચનાની. વર્ષોથી, વિવિધ સ્થળે ઝાંઝવાના જળની જેમ આભાસ આપતું સ્વપ્ન મા અંબાની કૂખે સાકાર થયું.

  અને આ ચારેની સરવાણી રૂપે આપણને પ્રાપ્તિ થઈ..... પ્રભુની.

અર્જુનના રથના સારથી ભગવાન શ્રીકૃષ્ણ હોય તો અર્જુનને મુશ્કેલી પણ આસાન લાગે છે. તેમ સમાજરૂપી રથની બાગડોર પણ પ્રભુના હસ્તકે છે તો મહામંડળને પણ સઘળી મુશ્કેલીઓનો સામનો કરવાની હિંમત મળી રહેશે અને ઉત્તરોત્તર પ્રગતિ કરીશું તથા આદર્શ સમાજનું સ્વપ્ન સાકાર કરીશું.

અમદાવાદ જ્ઞાતિ મંડળ આ મહામંડળને દરેક રીતે સહયોગ આપવા સમર્પિત છે. અને આ મંડળ દ્વારા સંચાલિત 'સેતુ' મહામંડળ વિશેની પ્રકાશન યોગ્ય બધી જ બાબતોને પ્રકાશન હેતુ પ્રાથમિકતા આપશે તેની ખાતરી આપું છું.

**મનુભાઈ કોટડીયા**

**પ્રમુખ**

નવરચિત
શ્રી અખિલ ભારતીય કચ્છી મારૂ કંસારા
સોની જ્ઞાતિ મહામંડળને
અમારી ખૂબ ખૂબ શુભેચ્છા.....

# શ્રી કચ્છી
# મારૂ કંસારા સોની
# જ્ઞાતિ મંડળ – અમદાવાદ

# તંત્રી સ્થાનેથી....

## સમયનો સાદ

માનવ જીવનમાં 'સમય' સર્વોપરી છે. કોઈ પણ સમુદાયને વહેલો કે મોડો, સમયનો સાદ સંભળાય જ છે, પછી એનો અવાજ બુલંદ થતાં, અને અનુકુળ સંયોગો સર્જાતાં સમુદાય એ સાદને અનુરૂપ પ્રતિસાદ આપે છે, એનેઅનુસરે છે. માનવ સમાજની આ સ્વાભાવિક પ્રક્રિયા છે. ક્યાંક એની ગતિ તેજ હોય છે તો ક્યાંક મંદ. અને એ ગતિ મુજબ પ્રગતિ થાય છે. આપણો અલ્પસંખ્યક અને નાના મોટા ગામડાં, કસબા અને શહેરોમાં વેરાયેલો સમાજ, ઘણા લાંબા સમયથી ઝંખતો હતો કે એક વિશિષ્ટ સમાજના પ્રત્યેક પરિવાર વચ્ચે – સ્થળ, સમયના અંતરાલ વિના, સંવાદ હોય, એકબીજાની ઓથ હોય અને અન્ય બહુસંખ્યક સમાજોની માફક એ પણ વિકાસની, જીવનધોરણ ઊંચે લાવવાની ઉપલબ્ધ તકોનો પૂરેપૂરો લાભ મેળવી શકે.

આ ઝંખના અનેક વખત વ્યક્ત થતી હતી પરંતુ એનો અવાજ મંદ હતો. વચ્ચે વચ્ચે સંજોગોવશાત્ અવાજ બુલંદ થતો, જેમકે ૨૦૦૧નો ધરતીકંપ, મુંબઈના આતંકવાદી હુમલા અને પ્રાકૃતિક આપદાઓ. આવા સમયે સ્વાભાવિક રીતે જ જ્યારે બીજા બહુસંખ્યક સમાજો પોતપોતાના સમાજનાં સભ્યોની વહારે પહોંચી જતા હતા ત્યારે આપણી પાસે તો એવું કોઈ સંગઠિત એકમ જ નહોતું અને એ હોય તો પણ – કોણ ક્યાં અને કેટલી હદે આપદગ્રસ્ત હશે તેનો અંદાજ મેળવવાની પણ કોઈ વ્યવસ્થા નહોતી. આવું થતાં, આપાતકાલીન વ્યવસ્થા મોટેભાગે સ્થાનિક પ્રયાસો પૂરતી જ મર્યાદિત હતી. એ જ રીતે, આપણા અલ્પસંખ્યક સમાજની અનેક વ્યક્તિઓને એમની પ્રતિભાના વિકાસ હેતુ બહુસંખ્યક સમાજની સરખામણીએ ઓછી તકો મળતાં, વ્યવસાય, ઉદ્યોગ અને સામાજીક સુરક્ષા ક્ષેત્રે અનેકવાર સહન કરવું પડ્યું છે.

આજે વિશ્વ નાનું થતું જાય છે, વૈજ્ઞાનિક ઉપલબ્ધિઓને પરિણામે માનવ બળનું મહત્ત્વ ઘટતું જાય છે. એટલે વિકાસની તકો સીમિત થાય છે. ગળાકાપ હરીફાઈમાં અપવાદો સિવાય, ક્ષમતા અને શક્તિનું માપ, સંઘબળ આધારીત બની જાય છે અને એટલે જ આપણે સામુહિક દ્દષ્ટિએ આર્થિક રીતે પછાત રહીએ છીએ અને આર્થિક અસમાનતાને લીધે આપણી સામાજીક તેમજ સાંસ્કૃતિક ક્ષેત્રે પ્રતિભાઓ હોવા છતાં, અનેક વખત ઉપર આવી શકતી નથી. ટુંકમાં, 'સંઘમ... શરણમ્... ગચ્છામિ...' બુધ્ધનું કહેવું હતું કે સમાજના વિકાસનો આધારસ્તંભ ભલે વ્યક્તિક પર હોય પરંતુ એ વ્યક્તિગત આર્ષદ્દષ્ટિને આકાર અને આયામ તો સંઘ થકી જ મળે છે.

આપણા સમાજ માટે એકતાનાં પૂરક તરીકે મહામંડળની આવશ્યક્તા તો લાંબાગાળાથી જ હતી. એનો મંદ સાદ પણ અવારનવાર સંભળાતો હતો. પરંતુ સંયોગો બનતા નહોતા. સદ્‌ભાગ્યે ભુજ જ્ઞાતિના કેળવણી ક્ષેત્રે પ્રયાસો, આદર્શ એવી સમૂહ લગ્ન પ્રણાલી અને તાજેતરમાં મૂર્તિ પ્રતિષ્ઠાન મહોત્સવ, આ ત્રણ બાબતોએ - સામૂહિક એકતાની 'ફળશ્રુતિ' સારી પેઠે સમજાવી. જોગાનુજોગ અમદાવાદ જ્ઞાતિ મંડળે પ્રગતિશીલ - કદમો, ખાસ કરીને, સમસ્ત સમાજ માટે સંવાદના સાધનરૂપ મુખપત્ર 'જ્ઞાતિ સેતુ'નાં પ્રકાશનની હિંમત કરી. અને એકતાનો એ ભુજથી ઉઠેલો સાદ બુલંદ થયો. સાબરકાંઠા જ્ઞાતિ મંડળે એ 'સાદ'ને ઝીલવાની પહેલ કરી. પરિણામ આપણી સમક્ષ છે, 'જ્ઞાતિ મહામંડળ'ની સર્વસંમત રચના. આ મહામંડળના આરંભ સમયનું સુત્ર - ભુજ જ્ઞાતિના કુશળ વડીલોએ અને દેશ-વિદેશ સમસ્તમાં આપણી જ્ઞાતિના સન્માનીય - સ્વ. ખેતશી બાપાના સુપુત્ર શ્રી પ્રભુદાસભાઈએ સ્વિકાર્યું એ આપણું સદ્‌ભાગ્ય છે. 'સેતુ'ને વિશ્વાસ છે કે સમયનો સાદ સમયસર સમજાયો છે તો એ સાદ અનુસાર સમસ્ત ભારત અને દેશ-વિદેશમાં વસતા આપણા સમસ્ત પરિવારોને હૂંફ આપવા આપણું મહામંડળ સક્ષમ અને સમૃધ્ધ થશે.

*– હંસરાજ કંસારા*

નવરચિસ

શ્રી અખિલ ભંરસીય કચ્છી મંરૂ કાદંરં

દૈંની ફંસિ મહંમાડળને

શુભેચ્છં દહ.....

# શ્રી સાબરકાંઠા

# કચ્છ મારૂ કંસારા સોની

# જ્ઞાતિ મંડળ

**પ્રમુખ, ઉપપ્રમુખ**

**તથા કારોબારી સભ્યો**

# શ્રી સાબરકાંઠા મારૂ કંસારા સોની જ્ઞાતિ

### આયોજીત

## ચિંતન શિબિર

શ્રી સાબરકાંઠા કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ આયોજીત “ચિંતન શિબિર” તા. ૨૨-૨૩ જુલાઈ, ૨૦૦૬ – બે દિવસ માટે શ્રી અંબા માતાજીના સાંનિધ્યમાં ખેડબ્રહ્મા, તા. સાબરકાંઠા મુકામે મળી. કાર્યક્રમનું અધ્યક્ષપદ ભુજના શ્રી પ્રભુદાસ ખેતશીભાઈ ગુજરાતીએ શોભાવ્યું.





કાર્યક્રમનું ઉદ્‌ઘાટન ભુજ જ્ઞાતિના પ્રમુખ શ્રી અમૃતલાલ જેઠાલાલ સોલંકીના વરદ્ હસ્તે કરવામાં આવ્યું. પૂજય ગોરબાપા શ્રી સુમનભાઈ વ્યાસ, ભુજ તથા પૂજય ગોરબાપા શ્રી કનકચંદ વ્યાસ દ્વારા આશિર્વચન પાઠવવામાં આવ્યા. શ્રી સાબરકાંઠા જ્ઞાતિના પ્રમુખશ્રી પ્રેમજીભાઈ કેશવજીભાઈ સોલંકીએ મહેમાનોને આવકારતાં સ્વાગત પ્રવચનમાં શ્રી અખિલ ભારત કચ્છ મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળની રચના માટે પોતાના વિચારો રજૂ કર્યા અને મહામંડળની સ્થાપના થાય તો આરોગ્ય, શૈક્ષણિક, સામાજીક, રોજગારી જેવા મુખ્ય મુદ્દા માટે આર્થિક - સામાજીક રીતે પછાત જ્ઞાતિજનોને મદદરૂપ થઈ શકાય તેમ જણાવ્યું.

બીજા દરેક વક્તાઓએ પણ મહામંડળની સ્થાપના માટે પોતાની લાગણી - ઈચ્છા પ્રદર્શિત કરી, વિચારો સચોટપણે રજૂ કર્યા. બે દિવસની ચર્ચા-વિચારણાના પરિણામરૂપ દરેક જ્ઞાતિજનોના વિચારો જોતાં ભુજ જ્ઞાતિના પ્રમુખશ્રી અમૃતલાલ જેઠાલાલ સોલંકીએ તા. ૨૩-૭-૦૬ના રોજ બપોરે ૩.૦૦ કલાકે મહામંડળની જાહેરાત કરી, જે હાજર તમામ જ્ઞાતિજનોએ વધાવી લીધી. તે પછી તરત સૂચિત મહામંડળના પ્રમુખપદે શ્રી પ્રભુદાસ ખેતશીભાઈ ગુજરાતી - ભુજની સર્વમાન્ય સર્વાનુમતે વરણી કરવામાં આવી, જેને દરેક





# SETU # FINAL PROOF #

FULL PAGE ADVT
POSITIVE READY



*સાબરકાંઠા જ્ઞાતિમંડળ પ્રમુખ શ્રી પ્રેમજીભાઈ*

જ્ઞાતિજનોએ ઊભા થઈ તાળીઓના ગડગડાટથી વધાવી લીધી. મહામંડળના વરાયેલા પ્રમુખશ્રી પ્રભુદાસભાઈએ જ્ઞાતિ માટે, સમાજ માટે તેઓ પોતાનાથી યથાર્થ મદદ માટે ખાતરી આપી અને જ્ઞાતિજનોએ તેમના ઉપર વિશ્વાસ મૂક્યો તે માટે આભારની લાગણી વ્યક્ત કરી મહામંડળ માટે રૂા. ૫૫,૫૫૫/- (રૂપિયા પંચાવન હજાર પાંચસો પંચાવન)નો ફાળો આપવાની જાહેરાત કરી. હાજર તમામ જ્ઞાતિજનોએ તેમનો આભાર માની આનંદ વ્યક્ત કર્યો.

સમગ્ર કચ્છ મારૂ કંસારા સોની જ્ઞાતિ માટે તા. ૨૩-૭-૦૬નો શુભ દિવસ સુવર્ણ અક્ષરે લખાશે.



*ભુજ જ્ઞાતિ મંડળ પ્રમુખ શ્રી અમૃતલાલભાઈ*

આ કાર્યક્રમનું આયોજન શ્રી સાબરકાંઠા જ્ઞાતિએ કર્યું તે માટે પધારેલ સર્વે જ્ઞાતિજનોએ પ્રમુખ શ્રી પ્રેમજીભાઈ કેશવજીભાઈ સોલંકી, વડાલીને અભિનંદન પાઠવ્યા.

સાબરકાંઠા જ્ઞાતિ પ્રમુખ શ્રી પ્રેમજીભાઈ કે. સોલંકી, ઉપપ્રમુખ શ્રી જેઠાલાલભાઈ બારમેડા તથા મંત્રીશ્રી દિનેશભાઈ જે. બારમેડાની રાહબર નીચે સાબરકાંઠાના તમામ કાર્યકરોએ ભારે જહેમત ઉઠાવી વ્યવસ્થિત રીતે કાર્ય ભારે સફળતાપૂર્વક પાર પાડ્યું.

આ કાર્યક્રમની સફળતાનો મુખ્ય યશ બહારગામથી પધારેલા સર્વે આમંત્રિત મહેમાનોને જાય છે. આ કાર્યક્રમ માટે સાબરકાંઠા જ્ઞાતિ ઉપર વિશ્વાસ મૂક્યો તે સાબરકાંઠા જ્ઞાતિ માટે આનંદપૂર્વક ઐતિહાસિક ઘટના બની છે.



*મહામંડળના સર્વ સંમતિએ નિર્ધારીત અધ્યક્ષ શ્રી પ્રભુદાસભાઈ*

સાબરકાંઠા જ્ઞાતિ આમંત્રિતોનો ખૂબખૂબ હૃદયપૂર્વક આભાર માને છે.

જ્ઞાતિ મેગેઝીન 'જ્ઞાતિ-સેતુ'ના તંત્રી શ્રી હંસરાજભાઈ કંસારા આ કાર્યક્રમમાં હાજર રહ્યા તે માટે સાબરકાંઠા જ્ઞાતિ તેમના પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરે છે.

સમગ્ર જ્ઞાતિજનોને વિનંતી કે ઍડહોક કમિટીની રચના માટે પોતાના ગામ, શહેર કે વિસ્તારના બે પ્રતિનિધિના નામ સૂચિત મહામંડળના પ્રમુખ શ્રી પ્રભુદાસભાઈ ખેતશીભાઈ ગુજરાતી, ભુજને લેખિત મોકલી આપે.

***પ્રેમજીભાઈ કેશવજીભાઈ સોલંકી - વડાલી***
***પ્રમુખ, સાબરકાંઠા કચ્છ મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ.***
***મો. ૯૪૨૭૩ ૬૫૩૭૭***

# SETU # FINAL PROOF #

FULL PAGE ADVT
POSITIVE READY

# SETU # FINAL PROOF #

# મહામંડળ બનશે મહાન - આપણા સમાજની વધશે શાન

ટી. એલ. કંસારા - અમદાવાદ ● નરેન્દ્રભાઈ પોમલ - મુંબઈ

કોઈપણ સમાજને મહાન કોણ બનાવે છે? સ્વાભાવિક રીતે જ સમાજના સભ્યો. જે સમાજના સભ્યો મહાન, એ સમાજ મહાન. સમાજ ગૌરવ લે છે એના સભ્યોની મહાનતા ઉપર અને સભ્યોને મહાન બનાવે છે તેમના કાર્યો. દા.ત. પારસી સમાજ. એક 'ટાટા' નામ જ પૂરતું છે પારસીઓની ઓળખ માટે.

આપણે વિચાર કરીએ છીએ આવતીકાલનો. આજે આપણે રચના કરી છે મહામંડળની. જેના સભ્યો એટલે કે આજથી ૪૦૦-૫૦૦ વરસો પહેલાં કચ્છમાં આવીને વસેલા આપણા આંગળીને વેઢે ગણાય એટલા કુટુંબોની પંદરમી-સોળમી પેઢીના સંતાનો જે કચ્છ અને કચ્છની બહાર ફેલાતા ગયા છે. જેની સંખ્યા આશરે ૩૦૦૦ ઘર જેટલી લેખીએ તો આખાય ભારતમાં કુલ વ્યક્તિઓની સંખ્યા ૧૫,૦૦૦ કરતાં વધે નહીં. જેમાં વિદેશમાં વસતા સોએક પરિવારોનો સમાવેશ પણ થઈ જાય. હવે આ સંખ્યા સોએક વરસ પછીની ધારીએ તો કદાચ ડબલ થાય. તો મહામંડળનું આયોજન કેવું હોવું જોઈએ? આપણે આ ભાવિ પેઢી માટે શું કરવા ધારીએ છીએ??

આપણે એક સરસ મજાની કલ્પના કરવી પડશે જેને આપણે ગ્લોબલ ઈમેજીનેશન - એક વૈશ્વિક કલ્પના કહી શકીએ. અખિલ ભારતીય કચ્છી મારૂ કંસારા સોની મહામંડળના સભ્યો, કેમ ના આ પૃથ્વીના ખૂણે ખૂણે ફેલાયેલા હોય અને છતાં પણ મહામંડળ થકી એકતાની ભાવના, તાદાત્મ્યતા અનુભવતા હોય. જો આપણે ગઈ પેઢીમાં એકાદ પાઈલોટ, બે-ચાર સારા ઈજનેર આ સમાજને આપ્યા, જેનું આપણે વરસોથી ગૌરવ લઈએ છીએ તો આપણે ભાવિ પેઢીમાંથી એકાદ ટાટા, બિરલા કે અંબાણી; એકાદ અવ્વલ દરજ્જાના મોટા રાજકારણી; બે-ચાર ડોક્ટર, વકીલ કે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ; સાયન્ટીસ્ટ કે મોટા ચેઈન સ્ટોર્સ, મોલ્સ કે હોટેલ્સ ધરાવતા સાહસિકો ન આપી શકીએ? અત્યારે તો જમાનો છે સ્પેશિયલાઈઝેશનનો. કહે છે કે બાળકોને જેવા ધારો, એવી રીતે તૈયાર કરી શકાય છે. સવાલ છે માત્ર દિશા નક્કી કરવાનો અને એ દિશામાં શિક્ષણની સાથે દરેક રીતે શક્ય વાતાવરણ પુરૂં પાડવાનો.

હવે આપણે મહામંડળની કલ્પનાને થોડીક આગળ ધપાવીએ. આ લેખની શરૂઆતમાં મૂકેલ બે લાઈનોનું વિસ્તરણ કરીએ....

***મહામંડળ બનશે મહાન, ભવન હશે એનું આલિશાન,***
***સમાજની વધશે શાન, સમજો કામ નથી આ આસાન.***

મહામંડળની ઓળખ બે રીતે થાય. એક એનું ચોક્કસ સ્થળ હોય અને બીજું એ સમાજનું પ્રતિબિંબ પાડતું હોય. સમાજના વિચારો, એના અવાજને વાચા આપતું હોય એવું સબળ માધ્યમ એની પાસે હોય. જે માટે એના કાર્યકર્તાઓ સજાગ હોય. પ્રેસ, પત્રકાર કે મિડીયા એ લોકશાહીની ચોથી જાગીર કહેવાય છે. પહેલો પાયો છે પીપલ એટલે કે લોકો અને બાકીના બે પાર્લામેન્ટ અને ન્યાયતંત્ર. લાંબાગાળાની યોજનામાં આપણામાંથી કોઈ બીજી જાગીર પાર્લામેન્ટને ત્રીજી ન્યાયતંત્રમાં ઉચ્ચ સ્થાને બિરાજે એ તો ઈચ્છનીય છે જ, પરંતુ અત્યારે આપણે ઊભી કરેલ સંસ્થાનો વહીવટ, નિર્ણયો અને અમલ લોકશાહી ઢબે થાય, સમાજના લોકોને સાંકળતી કડી એટલે કે માહિતીનું આદાન-પ્રદાન, સંકલન, સંગ્રહ, તાર્કિક રજુઆત, આ બધું એક ભગીરથ કાર્ય છે. પરંતુ ૩૦૦૦ કુટુંબોના ૧૫,૦૦૦ સભ્યોને માહિતગાર રાખવાનું અશક્ય નથી.

આપણે અખિલ ભારતીય કચ્છી મારૂ કંસારા સોની મહામંડળ માટેનું હેડ ક્વાર્ટર નક્કી કરેલ છે - ભુજ. જે સ્વાભાવિક રીતે જ આપણા બધાને એક તાંતણે બાંધતું કેન્દ્રબિંદુ છે. ગમે તેટલા આંચકાઓનું તે એપી સેન્ટર હોય તો પણ કચ્છી માડુ અને કચ્છી મારૂ કંસારા માટે તો એ એક જ 'હેપ્પી' સેન્ટર રહેવાનું. તો મહામંડળનો પ્રથમ સંકલ્પ એ જ હોઈ શકે કે આ જગ્યાએ આવતા ૧૦ વરસમાં આપણું પોતાનું, પોતીકું સંકુલ હોય જેના માટે ભવિષ્યની જરૂરિયાતને નજર સમક્ષ રાખીને જમીન લેવી. જે માટે નાણાંકીય જોગવાઈ કરવી.

આજના પ્રવર્તમાન સમયમાં દુનિયા આમ તો ખૂબ જ નાની થઈ ગયેલ છે. કોમ્પ્યુટર પ્રેરીત સંચાર સેવા થકી મન થાય ત્યારે દુનિયાના કોઈપણ ખૂણામાં વાતચીત થઈ શકે છે. પરંતુ જેવી રીતે મળવાની મજા ઓર છે એવી જ રીતે પોતાના પરિવાર, પોતાના ગોળ-ઘટક, પોતાના સમાજમાં શું શું બની રહ્યું છે, કેવા કેવા વિચારો ફુલી-ફાલી રહ્યા છે, કોણ શું કરી રહ્યું છે? આ બધા સવાલોના જવાબો વરસો સુધી કોઈ આપી શકે તેમ હોય તો તે છે એક 'મુખપત્ર'. આ મુખપત્ર એ આપણા સમાજનું માત્ર દર્પણ નહીંબને પણ આપણા સમાજમાં પત્રકારો, જે લોકશાહીની ચોથી જાગીરને સાચવનાર જાગીરદારો છે તેમને તૈયાર કરવાનું કામ પણ કરશે અને લોકશાહીના હાર્દ સમા લોકો અને મહામંડળ વચ્ચે એક સુંદર કડી, એક મજબૂત સાંકળ, એક સતત વહેતો ***'સેતુ'*** બની રહેશે અને મહામંડળના સ્થાપનના હેતુને પરિપૂર્ણ કરશે, દીપાવશે.

આપણી મૂળ ઓળખ કારીગરની, કલાકારની, જેને સીધો સંબંધ છે ક્રિએટીવીટી સાથે. કંઈક નવું, નવી રીતે કરવું. એટલે સ્વભાવે પોતાના ઉપર મુસ્તાક. પરંતુ જ્યારે સમાજ માટે વિચારવાનું હોય તો એ બધા મુસ્તાકોએ સાથે બેસીને વિચારવું પડે, વારંવાર ચિંતન કરવું પડે અને ભાવિ પેઢીને તૈયાર કરવા માટે થોડો ભોગ પણ આપવો પડે. આપણું દરેક કુટુંબ, પ્રાથમિક જરૂરિયાત, રોટી, કપડા ઔર મકાનથી ઉપર ઉઠે અને સામૂહિક શક્તિ, જેનું લોકશાહીમાં ખૂબ જ મહત્ત્વ છે, એનો ઉપયોગ કરે અને એ રીતે બનાવે મહામંડળને મહાન, વધારે આપણા સમાજની શાન. ■

નવરચિત મહામંડળને

અમારી હાર્દિક

શુભેચ્છા....

# મારૂ કંસારા સોની જ્ઞાતિ

# નખત્રાણા

# મહામંડળના મહોરદાર

૨૩મી જુલાઈ, ૨૦૦૬ના સુવર્ણદિને કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિના ગૌરવશાળી ઈતિહાસમાં એક સુવર્ણ પૃષ્ઠ ઉમેરાઈ ગયું. ભારતના વિવિધ સ્થળોએથી ખેડબ્રહ્મા ખાતે પધારેલા ૧૦૧ જ્ઞાતિ હોદ્દેદારો, સંન્નિષ્ઠ કાર્યકરોએ એકી અવાજે ૧૦૧ તાળીઓની ગર્જના સાથે મહામંડળની રચના પર એમની સંમતિની મહોર લગાવી અને મહામંડળની રચનાનું વર્ષો જૂનું સ્વપ્ન સાકાર થયું.


ચિંતન શિબિરના બીજા દિવસે બપોરે ૧૨.૪૦ કલાકે અમદાવાદ જ્ઞાતિના માનદ્ મંત્રી શ્રી અતુલ સોનીએ મહામંડળના પ્રમુખપદે શ્રી પ્રભુદાસ ખેતશીભાઈ સોનીના નામની દરખાસ્ત કરેલ જેને ભુજ જ્ઞાતિના પ્રમુખ શ્રી અમૃતલાલ જે. સોલંકીએ અનુમોદન આપતા પ્રમુખપદે શ્રી પ્રભુદાસભાઈની સર્વાનુમતે વરણી થઈ. આ સમયે ઉપસ્થિત સર્વે જ્ઞાતિજનોએ ઊભા થઈ હર્ષનાદ અને તાળીઓના ગડગડાટથી શ્રી પ્રભુદાસભાઈને વધાવી લીધા.

જ્ઞાતિસેતુ તરફથી શ્રી પ્રભુદાસભાઈને હાર્દિક અભિનંદન અને મહામંડળને શુભેચ્છા.

ચિંતન શિબિરમાં ઉપસ્થિત મહાનુભાવોની વિગત નીચે મુજબ છે.


***– જયમીન સોની, અમદાવાદ***

**શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ**
**અમદાવાદ**




| | |
|---|---|
| મનુભાઈ કોટડીયા | પ્રમુખ |
| અતુલ સોની | મંત્રી |
| હંસરાજ કંસારા | 'સેતુ' તંત્રી |
| તુલસીદાસ કંસારા | કા.સભ્ય |
| પ્રશાંત બીજલાની | કા.સભ્ય |
| રમેશભાઈ સોની | કા.સભ્ય |
| જયમીન સોની | સહ ખજાનચી |
| શૈલેષ કંસારા | સહમંત્રી |
| સૂર્યકાંતભાઈ સોની | કા.સભ્ય |
| ગીરીશભાઈ સોની | ઉપપ્રમુખ |
| રાજેન્દ્ર સોની | ખજાનચી |

**શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ**
**ભુજ**



| | |
|---|---|
| અમૃતલાલ જેઠાલાલ સોલંકી | પ્રમુખ |
| કિશોર જટુભાઈ ચનાણી | ઉપપ્રમુખ |
| દિલીપ કાનજી બગ્ગા | મંત્રી |
| સુનીલ માધવજી પોમલ | કા.સભ્ય |
| નીતિન અમૃતલાલ હેડાઉ | કા.સભ્ય |
| મગનલાલ શીવજી બુધ્ધભટ્ટી | કા.સભ્ય |
| બિપીનચંદ્ર શીવજી બુધ્ધભટ્ટી | કા.સભ્ય |
| હર્ષદ ધનજી બુધ્ધભટ્ટી | કા.સભ્ય |
| ઈશ્વરલાલ વાલજી હેડાઉ | કા.સભ્ય |
| કિશોર દયારામ ચૌહાણ | કા.સભ્ય |
| શૈલેષ ધીરજલાલ બુધ્ધભટ્ટી | જ્ઞાતિજન |
| સુરેશ પ્રેમજી સોલંકી | જ્ઞાતિજન |
| અમિત જેંતીલાલ સોલંકી | જ્ઞાતિજન |

## શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મુંબઇ




| | |
|---|---|
| જયંતીલાલ સકરીયા | પ્રમુખ |
| રમણીકભાઈ બીજલાણી | ઉપપ્રમુખ |
| નરેન્દ્રભાઈ પોમલ | મંત્રી |
| નરોત્તમભાઈ છત્રાળા | ખજાનચી |
| ભરતભાઈ બારમેડા | કા.સભ્ય |
| ભરતભાઈ બુધ્ધભટ્ટી | કા.સભ્ય |
| ભરતભાઈ બીજલાણી | કા.સભ્ય |
| પીયુષભાઈ બારમેડા | કા.સભ્ય |
| મનસુખભાઈ બુધ્ધભટ્ટી | કા.સભ્ય |
| નીતિનભાઈ કટ્ટા | મહેમાન |

## મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ માધાપર



| | |
|---|---|
| હસમુખ કે. મૈચા | પ્રમુખ |
| દિલીપ એલ. બીજલાણી | મંત્રી |
| મુકેશ એલ. બારમેડા | સહમંત્રી |
| હસમુખ બી. બુધ્ધભટ્ટી | સહ ખજાનચી |
| સતીષ આઈ. હેડાઉ | કારોબારી સભ્ય |
| મનસુખલાલ વેલજી પરમાર | ઉપપ્રમુખ |
| દીપક ધીરજલાલ પોમલ | કા.સભ્ય |
| શશીકાંત જે. બુધ્ધભટ્ટી | કા.સભ્ય |
| રામજીભાઈ જે. કટ્ટા | કા.સભ્ય |

## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ગઢશીશા



| | |
|---|---|
| કિશોરભાઈ ખીમજી બારમેડા | પ્રમુખ |
| અશ્વિનભાઈ ગોરધનદાસ સાકરીયા | |
| રાજેશભાઈ ત્રિકમદાસ પોમલ | |

## શ્રી અખિલ કચ્છ સમસ્ત મારૂ કંસારા સોની સમાજ ઉત્કર્ષ મંડળ ગાંધીધામ



| | |
|---|---|
| ભરત બગ્ગા | પ્રમુખ |
| વિનોદ એલ. સોની | ખજાનચી |
| સમીર આર. કંસારા | કમિટી સભ્ય |
| હરિભાઈ લખમશી | ઉપપ્રમુખ |
| મહેશભાઈ મૈચા | ક.સભ્ય |
| ભારતીબેન સોની | મહિલા મંડળ |
| સ્મિતાબેન સોની | મહિલા મંડળ |
| અનિલાબેન મહેશ મૈચા | મહિલા મંડળ |

## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ રવાપર



| | |
|---|---|
| વિનોદકુમાર રામજી કટ્ટા | પ્રમુખ |
| વિનોદકુમાર મુરજી | મંત્રી |
| મોરારજી જેઠાલાલ | ઉપપ્રમુખ |
| ભાઈલાલ ગોવિંદજી બારમેડા | કારોબારી સભ્ય |
| મનસુખલાલ અમૃતલાલ | કા.સભ્ય |
| ઉમેશ ડુંગરશી | કા.સભ્ય |
| નવીનભાઈ ભાણજી | કા.સભ્ય |

## શ્રી મારૂ કંસારા સોની સમાજ રાયપુર



| | |
|---|---|
| પ્રકાશ ભગતલાલ બારમેડા | પ્રમુખ |
| નીલેશ નરભેરામ બુધ્ધભટ્ટી | ખજાનચી |
| પ્રફુલ મગનલાલ બારમેડા | જો.કેશિયર |
| કમલેશ નરોત્તમ બીજલાણી | મંત્રી |
| કૌશિક કિશોરભાઈ કટ્ટા | ઉપપ્રમુખ |
| વિકાસ ભગવાનદાસ બારમેડા | કાર્યકર, યુવા પ્રમુખ |
| કિશોરભાઈ ગોપાલજી કટ્ટા | સંઘ રક્ષક |

## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ અંજાર



| | |
|---|---|
| હરિલાલ લખમશી | સલાહકાર સભ્ય |
| સોની સુરેશ પરષોત્તમ | સલાહકાર સભ્ય |
| સોની શિવલાલ શામજી | પ્રમુખ |
| શશીકાંત એમ. | ઉપપ્રમુખ |
| ભરતભાઈ ------- | ઉપપ્રમુખ |
| પ્રકાશભાઈ સોની | ખજાનચી |
| ચમનલાલ રાઘવજી | સહ ખજાનચી |
| રસીકલાલ રવજી મેવચા | |

## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ માંડવી




| | |
|---|---|
| વિનોદભાઈ વલ્લભદાસ હેડાઉ | પ્રમુખ |
| રમેશભાઈ વાલજી બીજલાણી | મંત્રી |
| હરેશભાઈ નેણશી બારમેડા | સહમંત્રી |
| સુરેશભાઈ પ્રાગજીભાઈ સોલંકી | ખજાનચી |

## રાજકોટ



કાંતિભાઈ વી. કંસારા
બિહારીભાઈ બુધ્ધભટ્ટી
ચંદ્રકાંતભાઈ જે. કંસારા

## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ - કોઠારા



ચુનીલાલ એમ. પોમલ
કાંતિભાઈ દામજીભાઈ પોમલ

## મારૂ કંસારા સોની જ્ઞાતિ - નખત્રાણા

| | |
|---|---|
| હિંમતભાઈ બ. બગ્ગા | પ્રમુખ |
| ભોગીભાઈ હંસરાજ કટ્ટા | ઉપપ્રમુખ |
| કિશોરભાઈ લખમશી કોટડીયા | કા.સભ્ય |
| રમેશભાઈ મોહનલાલ બગ્ગા | કા.સભ્ય |
| જયેશ મંગલદાસ સોલંકી | કા.સભ્ય |
| દિનેશભાઈ ભગવાનજી કટ્ટા | સભ્ય |

## શ્રી કચ્છી મારૂ કંસારા સમાજ - જામનગર

| | |
|---|---|
| કિશોરભાઈ કે. ભૂત | પ્રમુખ |
| અનિલકુમાર ટી. બારમેડા | ઉપપ્રમુખ |
| કેશવજીભાઈ કે. પરમાર | ખજાનચી |
| કિશોરભાઈ જે. કોટડીયા | મંત્રી |

## કોટડા

| | |
|---|---|
| રમેશચંદ્ર આર. સોની | સભ્ય |
| અમૃતલાલ એલ. સોની | સભ્ય |
| શાંતિલાલ બી. સોની | સભ્ય |

## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ - વિથોણ

| | |
|---|---|
| હિંમતભાઈ શિવજી | પ્રમુખ |
| ખેંગારભાઈ વિશનજી કટ્ટા | કા.સભ્ય |

## શ્રી કચ્છી મારૂ કંસારા સમાજ - નલીયા

સોની રમેશચંદ્ર રતનશી પોમલ
સોની દીપકકુમાર ગોવિંદજી બારમેડા
સોની કિરતેશકુમાર હરિરામ પરમાર

## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - નાગપુર

| | |
|---|---|
| ગોપાલ પી. બુધ્ધભટ્ટી | પ્રમુખ |

## આવકાર

આપણી ભારતીય સંસ્કૃતિ અને તેમાંય આપણી ગુર્જરી રીતભાત અને સંસ્કૃતિની પ્રત્યેક ઉત્સવો ઉજવવાની શૈલી, તેને વધુ વિશિષ્ટ બનાવે છે. હમણાં જ આપણે "પવિત્ર શ્રાવણ મહિના"માં 'શીતળા સાતમ' અને 'કૃષ્ણાષ્ટમી' જેવા ઉત્સવો ઉજવ્યા, તો અન્ય નાના-મોટા મેળાઓ માણ્યા. હવે, એક મહિના બાદ આવશે 'નવરાત્રી'. ગુર્જરી સંસ્કૃતિનો અતિ મહત્વનો ઉત્સવ. આપણા દરેક ઉત્સવોની ઉજવણીના કેન્દ્રમાં 'ભક્તિ'નું તત્ત્વ હોય છે. દેવ-દેવીઓનાં પૂજન-અર્ચન અને નૈવેદ્યની અજોડ પરંપરા આજ પણ અવિરત જળવાય છે. આપણી જ્ઞાતિમાં પણ આપણા કુળદેવ-દેવી, ખેતરપાળ, પુરસાદાદા ને નવરાત્રી - દિવાળી જેવા વિવિધ ઉત્સવો અને લગ્ન - મૂંડન જેવા વ્યવહારિક પ્રસંગોએ નૈવેદ્ય કે કર કરવામાં હોય છે. આપણી આ પરંપરાને "સેતુ"માં આલેખિત કરવાના હેતુથી સર્વ વાચક જ્ઞાતિજનોને જે - તે નુખના થતાં નૈવેદ્ય - કરની માહિતી મોકલવા માટે આવકાર છે. જેથી વતનથી દૂર વસતાં જ્ઞાતિજનો અને નવી પેઢી આવી માહિતી પ્રાપ્ત કરી શકે. જે - તે નુખનાં થતાં પ્રત્યેક નૈવેદ્ય - કરની માહિતી : કુ. એકતા કટ્ટા, 'કૃષ્ણ કૃપા', 'રામકૃપા' સોસાયટી, ડી.વી. હાઈસ્કુલ પાસે, અંજાર (કચ્છ)નાં સરનામે મોકલવા વિનંતી.

***કુ. એકતા કટ્ટા - અંજાર***

## શ્રી અખિલ કચ્છ સમસ્ત મારૂ કંસારા સોની સમાજ ઉત્કર્ષ મંડળ - ગાંધીધામ

*સામાન્ય સભા તા. ૪-૬-૨૦૦૬ના રોજ મળેલ તેમાં મંડળની નવી સમિતિની રચના કરવામાં આવેલ, જે નીચે મુજબ છે :*

| | |
|---|---|
| ભરતભાઈ તુલસીદાસ બગ્ગા (ગાંધીધામ) | પ્રમુખશ્રી |
| સુરેશભાઈ પ્રાગજીભાઈ સોલંકી (માંડવી) | ઉપપ્રમુખ |
| હરીલાલ લખમશી વિશાપરમાર (અંજાર) | ઉપપ્રમુખ |
| પ્રકાશભાઈ જગરામ સોની (બારમેડા) (ગાંધીધામ) | મંત્રીશ્રી |
| જયેન્દ્રભાઈ ખીમજી કોટડીયા (આદિપુર) | સહમંત્રી |
| વિનોદભાઈ એલ. સોની (ગાંધીધામ) | ખજાનચી |

***કારોબારી સભ્યો :***

હિંમતભાઈ ટોકરશીભાઈ મૈચા (ગાંધીધામ)
કાંતિલાલ ડી. કટ્ટા (આદિપુર)
વિનોદભાઈ વી. હેડાઉ (માંડવી)
સમીરભાઈ રમેશભાઈ કંસારા (ભુજ)
ડો. સુધીરભાઈ બાબુભાઈ સાકરીયા (ગાંધીધામ)
કિશોરભાઈ પ્રાણલાલ સોલંકી (ગાંધીધામ)
ગીરીશભાઈ એચ. સોલંકી (અંજાર)
શ્રીમતી બીનાબેન સમીરભાઈ કંસારા (ભુજ)
શ્રીમતી વીણાબેન ચંદ્રકાંત ગુજરાતી (આદિપુર)

# SETU # FINAL PROOF #

નવરચિત મહામંડળને અમારી
હાર્દિક શુભેચ્છા....

# ભરતભાઈ બગ્ગા

**મહામંત્રી, ભારતીય જનતા પક્ષ - કચ્છ વિભાગ**

*નવરચિત મહામંડળને અમારી*
*હાર્દિક શુભેચ્છા....*

# શામજી ગાંગજી સોની

**ગંગા બજાર, અંજાર (કચ્છ)**

# પ્રગતિ, પ્રવૃત્તિ અને પ્રશ્નો

**અતુલ સોની - અમદાવાદ**

માનવ જીવનની વિકાસયાત્રા પરીશ્રમ તથા દૃઢ ઈચ્છાશક્તિના પગથિયેથી પસાર થઈ ઉત્તરોત્તર સફળતાના શિખરો સર કરતી રહે છે. કચ્છ તથા અન્યત્ર - સર્વત્ર વસતો આપણો સમાજ, વિકાસ માટે કેટલી દૃઢ ઈચ્છાશક્તિ ધરાવે છે તેની પ્રતીતિ હાલમાં ચિંતન શિબિર દરમ્યાન સૌને થઈ.

વ્યક્તિ કે સમાજ જ્યારે પ્રગતિના પથ પર પગ માંડે ત્યારે પ્રશ્નો તો આવવાના જ. પણ આવા પડકારોનો સામનો કરવાની શક્તિ આપણી અંદર પડેલી જ છે. આપણી જ્ઞાતિમાં શિક્ષણ અને સ્વાસ્થ્ય માટે કંઈક કરવાની ભાવના દૃઢ બનતી જાય છે.

શિક્ષણ ક્ષેત્રની સમસ્યાને સમજવાની કોશિષ કરીએ તો જણાશે કે અમદાવાદ - મુંબઈ - રાયપુર જેવા મોટા શહેરોને બાદ કરતાં કચ્છમાં વસતી આપણી મોટાભાગની વસ્તી માટે ઉચ્ચ શિક્ષણ હજુ સ્વપ્નવત્ છે. જ્ઞાતિમાં પ્રાથમિક તથા માધ્યમિક શિક્ષણનો વ્યાપ વધેલ છે પરંતુ આર્થિક - સામાજીક કારણોસર દસ અથવા બાર ધોરણ પછી અભ્યાસ છોડી દેવામાં આવે છે. આ માટે આર્થિક કારણ સૌથી મહત્ત્વનું છે. આપણા મોટાભાગના પરિવારો મધ્યમ અને નિમ્ન મધ્યમવર્ગના છે અને સોના-ચાંદી કે વાસણની કારીગરી સાથે સંકળાયેલ છે. જ્યારે બાળક, ખાસ કરીને છોકરાને આગળ ભણવાની વાત આવે ત્યારે તેની પાછળ થનાર ખર્ચનો વિચાર આવે. જો દીકરો ૧૮ વર્ષની ઉંમરે કારીગરીના કામમાંજ લાગી જાય તો 'બે પૈસા'ની આવક થાય. જેની પરિવારને ખાસ જરૂર હોય છે. બીજું, સોના-ચાંદી કે વાસણના વેપારમાં ઘરની અંગત વ્યક્તિની ધંધામાં ખાસ જરૂરત જણાતી હોય છે. આથી દીકરાને આગળ ભણવા માટે યોગ્ય પ્રોત્સાહન મળતું નથી. ત્રીજું, આર્થિક વિચાર એ પણ આવે છે કે શરૂઆતથી સારી ગુણવત્તાવાળું શિક્ષણ મળ્યું નથી. આથી હવે માત્ર કોલેજ જઈ ગ્રેજ્યુએટ થાય તો પણ તેને સારી નોકરી કે વ્યવસાય મળશે કે નહીં?

સમાજમાં ઉચ્ચ શિક્ષણનો વ્યાપ વધારવો હોય ત્યારે આવા તમામ પ્રશ્નોનો વિચાર કરવો જરૂરી બને છે. બાળક જ્યારે પ્રાથમિક - માધ્યમિક ધોરણમાં હોય ત્યારથી તેને શિક્ષણને પ્રોત્સાહક વાતાવરણ પરિવારમાંથી જ મળે તે જરૂરી છે. બીજું, શિક્ષણને માત્ર વ્યવસાય ક્ષેત્રે સાંકળીને જોવાને બદલે બાળકના ભાવિ ઘડતર માટે શિક્ષણની ખૂબ જરૂરિયાત છે તે સૌ વિચારે તેવો પ્રચાર-પ્રસાર થવો જોઈએ.

આ ઉપરાંત જે વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ લેવાની ઈચ્છા હોય તેમને શક્ય તેટલી રીતે સમાજે સહાયતા કરવી જોઈએ. વિદ્યાર્થીઓને કારકીર્દિ અને શિક્ષણ માટે યોગ્ય માર્ગદર્શન મળે તે માટે નિષ્ણાતોની મદદ લઈ શકાય. એસ.એસ.સી. કે એચ.એસ.સી.માં ભણતા વિદ્યાર્થીઓના વાલીઓ પરસ્પર મળે અને તેમના બાળકોના શિક્ષણ માટે વિચાર વિનિમય કરે તેવી વ્યવસ્થા કરવા વિચારી શકાય. કચ્છમાં ઉચ્ચ શિક્ષણની સારી કોલેજો મર્યાદિત છે. આથી કારકીર્દિના વિકાસ માટે બહારગામ ભણવા જતા વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન અને શક્ય તો જ્યાં ભણતા હોય ત્યાં પણ જ્ઞાતિ સમાજ તેની સાથે સંપર્કમાં રહી માર્ગદર્શન આપી શકે તો ઉત્તમ ગણાય. સમાજ માટે ઉજ્જવળ આશા એ છે કે જ્ઞાતિની દીકરીઓ હવે ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે ઝડપભેર આગળ વધી રહેલ છે. કહેવત છે કે "એક શિક્ષિત માતા સો શિક્ષકની ગરજ સારે છે."

શિક્ષણનો પ્રશ્ન વિશાળ છે પણ યોગ્ય સમજ, સદ્ભાવ અને સહકારથી તે દિશામાં જરૂર પ્રગતિ થશે તેમાં શંકાને સ્થાન નથી. જીવન શિલ્પના ઘડતર માટે શૂન્ય પાલનપુરીની રચના છે કે :

*'એક સરખી જલધારા જો પડે,*
*ગમે તેવા પાષાણને ભેદી શકે;*
*ભાગ્યના પલટાય માત્ર ઈચ્છા વડે,*
*યત્ન કર ખંતથી એ જ પૈગામ છે.'*

## અમદાવાદ જ્ઞાતિ સમાજ દ્વારા નાનકડી પહેલ

"Charity Begins at Home" એ ન્યાયે અમદાવાદ જ્ઞાતિ સંસ્થાએ શિક્ષણ સમિતિની રચના કરી છે. બહારગામથી અમદાવાદ ભણવા આવતા જ્ઞાતિના વિદ્યાર્થી ભાઈ-બહેનોને સહાયતા - માર્ગદર્શન આપવા "એજ્યુકેશન હેલ્પ લાઈન" (Education Help Line)ની વ્યવસ્થા કરેલ છે.

અમદાવાદ રહી ભણતા વિદ્યાર્થી - વિદ્યાર્થીનીઓના પ્રશ્નોમાં તેમની રહેવાની વ્યવસ્થા તેમજ કોલેજમાં સ્થાનિક વાલીઓની જરૂરિયાત મુખ્ય છે. હાલમાં અમદાવાદમાં ચાર વિદ્યાર્થિનીઓ વિવિધ કોલેજોમાં ઉચ્ચ શિક્ષણ લઈ રહેલ છે. તેઓ કોલેજની આસપાસ પેઈંગ ગેસ્ટ તરીકે રહે છે. અમદાવાદ જ્ઞાતિ તેમના સંપર્કમાં છે. અમદાવાદમાં હાલ આપણી પાસે હોસ્ટેલ જેવી સુવિધા ઉપલબ્ધ નથી. આથી કોલેજની નજીકમાં સારા પ્રતિષ્ઠિત પેઈંગ ગેસ્ટ રાખતા પરિવારોની તપાસ - ચકાસણી કરી આપણી જ્ઞાતિની દીકરીઓને માર્ગદર્શન આપવામાં આવે છે. જરૂર પડે ત્યાં સ્થાનિક વાલી (લોકલ ગાર્ડિયન) તરીકે જ્ઞાતિના કારોબારી સભ્યો હાજર રહી ખાતરી આપી શકે છે.

આપણી જ્ઞાતિની કોઈપણ વ્યક્તિ આ અંગે માહિતી મેળવવા નીચેના સરનામે સંપર્ક કરી શકે છે.

**EDUCATION HELP LINE**
શ્રી જયમીનભાઈ કે. સોની
જે. જે. જ્વેલર્સ, ૧૫, સુપરમોલ, ગ્રાઉન્ડ ફ્લોર,
લાલ બંગલા પાસે, સી. જી. રોડ, અમદાવાદ.
ફોન : (ઓ) ૦૭૯-૬૬૬૧૧૩૨૨, મો. ૯૮૨૪૫ ૪૬૬૫૦

નવરચિત મહામંડળને અમારી
હાર્દિક શુભેચ્છા....

# શ્રી મારૂ કંસારા સોની
# જ્ઞાતિ ટ્રસ્ટ - ભુજ

નવરચિત મહામંડળને અમારી
હાર્દિક શુભેચ્છા....

# શ્રી મારૂ કંસારા સોની
# જ્ઞાતિ - અંજાર

# અખિલ ભારતીય કંસારા સોની મહામંડળ

## જ્ઞાતિ સંગઠન અને વિકાસ માટેની અનિવાર્ય જરૂરિયાત

**રસીકભાઈ મહીચ્છા - મુંબઈ**

ઉત્તર ગુજરાતના સાબરકાંઠા જીલ્લાના ખેડબ્રહ્મા મુકામે ૨૨-૨૩ જુલાઈ, ૦૬ના રોજ આયોજીત ચિંતન શિબિરમાં એક માત્ર એજન્ડા રાખવામાં આવેલ હતો. કંસારા સોની જ્ઞાતિના મહામંડળની જરૂરીયાત કેટલી, તે ક્યાં સ્થાપવું અને તેનું શું સ્વરૂપ હોવું જોઈએ?

ખૂબ જ ઉત્સાહથી ત્યાં પધારેલા આપણી જ્ઞાતિના ભાઈ-બહેનોએ સુંદર પ્રતિભાવો આપ્યા. દરેકનો એક જ સૂર અને સંવાદ રહ્યા કે આપણી જ્ઞાતિનું મહામંડળ હોવું જોઈએ. તેની કોઈપણ સંજોગોમાં સ્થાપના થવી જ જોઈએ. સાબરકાંઠાના સર્વે જ્ઞાતિ ભાઈ-બહેનોએ ખૂબ જ જહેમત ઉઠાવી આ ચિંતન શિબિરનું આયોજન કર્યું. તેમના નિમંત્રણનો સ્વીકાર કરીને સમગ્ર ભારતમાંથી આપણા જ્ઞાતિના ભાઈ-બહેનો અત્રે ઉપસ્થિત થયા અને શુધ્ધ ભાવનાથી મહામંડળ સ્થાપવા માટે શારીરિક અને માનસિક વ્યાયામ કર્યો એ આપણી જ્ઞાતિની ભાવનાત્મક એકતા સ્થાપવા માટેનો એક ઐતિહાસિક બનાવ કહી શકાય. આપણા સૌના આ શારીરિક અને માનસિક વ્યાયામ માટે આપણે સૌએ સમય અને પૈસાનો પુષ્કળ ભોગ આપ્યો છે. આવી શિબિરનું આયોજન થવું એ આપણી જ્ઞાતિ માટેની અભૂતપૂર્વ બીના છે.

- **જ્ઞાતિના મહામંડળની આવશ્યક્તા :**

સૌ પ્રથમ આપણે એ વિચારીએ કે જ્ઞાતિનું મહામંડળ શા માટે હોવું જોઈએ? આપણે આપણા ગામો, શહેરો અને તાલુકાઓમાં જ્ઞાતિ મંડળો ચલાવીએ છીએ. ભુજ, અંજાર, નખત્રાણા, રાજકોટ, અમદાવાદ, મુંબઈ અને નાગપુર જેવા સ્થળે વર્ષોથી જ્ઞાતિ મંડળો ચાલે છે. આ બધાય મંડળો સ્થાનિક કક્ષાએ વિવિધ પ્રવૃત્તિઓ કરીને જ્ઞાતિમાં ભાવનાત્મક એકતા અને સંગઠન સ્થાપિત કરી રહ્યા છે તેમાં કોઈ સંદેહ નથી પરંતુ ઘણીબધી પ્રવૃત્તિઓ એવી છે કે જેમાં સેન્ટ્રલાઈઝ કો-ઓર્ડિનેશન અથવા કેન્દ્રીય સંચાલનની જરૂર પડે છે. ઉદાહરણ તરીકે ઉચ્ચ શિક્ષણ માટેની લોન શિષ્યવૃત્તિ માટે નાણાંકીય સહાય ભંડોળ અથવા મોટાપાયે સમૂહ લગ્નોનું આયોજન. જો મહામંડળ દ્વારા આવી પ્રવૃત્તિનું આયોજન થાય તો તેની અસરકારકતા અનેકગણી વધી જાય છે અને બિનજરૂરી ડુપ્લીકેશન અટકે છે. વળી બધા મંડળોનું પ્રતિનિધિત્વ ધરાવતું એક મંડળ હોય તો તેનું ફેડરલ સ્ટ્રક્ચર, બાહ્ય સંસ્થાકીય પરિબળો માટે તે સ્વીકાર્ય બને છે. તેને કારણે જ્ઞાતિ સમસ્તનું અસ્તિત્વ વધુ મજબુત બને છે. તદુપરાંત વિશાળ સંખ્યાબળ ધરાવતી એક રાષ્ટ્રીય સંસ્થા બની શકે છે. આવી અખિલ ભારતીય કક્ષાની સંસ્થા સરકારી, અર્ધ સરકારી કે બિનસરકારી ઓર્ગેનાઈઝેશનની ડિસ્ટ્રીબ્યુશન નેટવર્કની લાભાર્થી સંસ્થા બને છે. ધરતીકંપ, પૂર, રોગચાળા જેવા આપદ્કાલીન સમયે જ્ઞાતિના લોકોને રાહત અને બચાવની કામગીરીમાં અસરકારક ભાગ ભજવી શકે છે.

- **મહામંડળ કેવું હોવું જોઈએ?**

બહુ સ્વાભાવિક છે કે મંડળોનું મંડળ એટલે મહામંડળ. મહામંડળ દરેક જ્ઞાતિ ભાઈ અને દરેક જ્ઞાતિ મંડળનું સાચા અર્થમાં અને કાયદેસર રીતે પ્રતિનિધિત્વ કરતું હોવું જોઈએ. પ્રત્યેક જ્ઞાતિજન પૂરાત આત્મવિશ્વાસ અને ગૌરવથી કહી શકે કે આ અમારૂં મંડળ છે અને અમે તેના પરિવાર સમા સભ્ય છીએ. મહામંડળની રચનામાં સર્વસ્વીકૃત લોકશાહી પધ્ધતિ અપનાવવી જોઈએ. શ્રીમંત અથવા ગરીબ કોઈપણ વ્યક્તિ મહામંડળનો હોદ્દો ધરાવી શકે એવી વ્યવસ્થા કરવી જોઈએ. નિષ્પક્ષ ચૂંટણી અથવા પસંદગી દ્વારા સર્વાનુમતે હોદ્દેદારોની વરણી થતી હોવી જોઈએ. ઉપરાંત તેમાં જ્ઞાતિની બહેનોનું પણ સબળ પ્રતિનિધિત્વ હોવું જોઈએ.

- **મહામંડળનું કાર્યક્ષેત્ર :**

વિવિધ ભૌગોલિક વિસ્તારમાં રહેતા તમામ જ્ઞાતિજનોને સ્પર્શતી પ્રવૃત્તિઓનું સંચાલન કરવાની જવાબદારી જ્ઞાતિ મહામંડળની છે. જ્ઞાતિના સર્વાંગી વિકાસ માટેની તમામ પ્રવૃત્તિઓ મહામંડળે કરવાની રહે છે. ઉદાહરણરૂપે કેટલીક પ્રવૃત્તિઓ નીચે પ્રમાણે વર્ણવી શકાય :

૧. લાયકાત ધરાવતા હોય પરંતુ આર્થિક મુશ્કેલી ધરાવતા જ્ઞાતિના વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ શિક્ષણ જેવા કે મેડિકલ, એન્જિનીયરીંગ, મેનેજમેન્ટ જેવા વ્યવસાયીક અભ્યાસક્રમો માટે લોન શિષ્યવૃત્તિનું ભંડોળ એકત્ર કરીને સંચાલન કરવું.

૨. સોના ચાંદીના વ્યવસાય ઉપરાંત અન્ય વ્યવસાયો જેવા કે મોટર મીકેનીક, ઈલેક્ટ્રીકલ, ઓટોમોબાઈલ, ફોટોગ્રાફી, વિડીયોગ્રાફી, ઈમિટેશન જ્વેલરીના વ્યવસાયો શરૂ કરવા લોન સ્વરૂપે નાણાંકીય સહાય.

૩. આર્થિક રીતે નબળા વર્ગના કુટુંબો માટે ઓપરેશન અને અન્ય મેડિકલ સહાયતા માટેનું સહાય ભંડોળ.

૪. જ્ઞાતિના તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામો, પ્રમાણપત્રો કે મેડલ્સ આપીને સન્માન કરવું.

૫. મોટા શહેરોમાં વિવિધ વિદ્યાશાખામાં અભ્યાસ કરતા જ્ઞાતિના વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલ ચલાવવી.

૬. વિવિધ ક્ષેત્રે ઉચ્ચ સ્થાન, હોદ્દા અથવા વિશિષ્ટ સિધ્ધિ પ્રાપ્ત કરનાર જ્ઞાતિના ભાઈ-બહેનોનું યથાયોગ્ય સન્માન કરવું તેમજ તેમના સ્થાન, હોદ્દા કે સિધ્ધિનો લાભ જ્ઞાતિના અન્ય ભાઈ-બહેનોને મળી શકે એમ હોય તેવી વ્યવસ્થા ગોઠવવી.

૭. વર-કન્યા પસંદગી શિબિરમેળાનું આયોજન કરવું. સમૂહ લગ્નો ગોઠવવા.

૮. જ્ઞાતિનું એક મુખપત્ર - મેગેઝીન નિયમિત રૂપે પ્રકાશિત કરવું. તેમાં જ્ઞાતિ-ઉત્કર્ષના લેખો, શિક્ષણ અને કારકીર્દિ અંગેની માહિતી, લગ્નોત્સુક યુવક યુવતીઓની માહિતી સાથે ફોટા, વિશિષ્ટ સિધ્ધિ પ્રાપ્ત કરનારા વિદ્યાર્થીઓના ફોટા - નામ વિગેરે પ્રકાશિત કરવા.

૯. કુદરતી આપત્તિ વખતે ડિઝાસ્ટર મેનેજમેન્ટ રોલ કાર્યશીલ કરવું. સહાય - રાહત વિતરણની અસરકારક કામગીરી કરવી. જ્ઞાતિના ભાઈ-બહેનોને ત્વરાથી સહાય - રાહત પહોંચાડવી.

૧૦. જ્ઞાતિના ભાઈ-બહેનોના જીવન ધોરણમાં સર્વાંગી વિકાસને વેગ આપતી શક્ય એટલી તમામ પ્રવૃત્તિઓ હાથ ધરી શકાય.

૧૧. સ્થાનિક સ્તરે કાર્યશીલ જ્ઞાતિના મંડળોની પ્રવૃત્તિમાં હસ્તક્ષેપ ન થાય તે જોવું અને તેમની પ્રવૃત્તિઓને અનુમોદન મળે તેવા પ્રયત્નો કરવા.

- **મહામંડળનું બંધારણ :**

પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી, સહમંત્રી, ખજાનચી જેવા હોદ્દાઓ ચેરીટેબલ સંસ્થાઓમાં હોય છે. પરંતુ મુશ્કેલી એ હોય છે કે કાર્યક્ષમ વ્યક્તિઓ હોદ્દો ધરાવતી હોય તો સંસ્થા સુંદર ચાલે. નહિતર સંસ્થાની પ્રવૃત્તિઓનો રકાસ થાય છે. આ મુશ્કેલી નિવારવા માટે હવે આપણે પ્રોફેશનલ એપ્રોચ લેવો જોઈએ. વ્યક્તિ મુખ્ય નથી, હોદ્દો મુખ્ય છે. કોઈપણ હોદ્દેદારે વ્યક્તિ વિશિષ્ટ તરીકે કાર્ય નથી કરવાનું પરંતુ હોદ્દા પ્રત્યેની જવાબદારી નિભાવવાની છે. ઉદાહરણ તરીકે બેંકના મેનેજરો. મેનેજરો બદલાતા રહેતા હોય પરંતુ બેંકનો વ્યવહાર રાબેતા મુજબ ચાલતો જ રહે છે.

- **પારદર્શિતા :**

મહામંડળનો વહીવટ સંપૂર્ણ પારદર્શક હોવો જોઈએ. તેની પ્રવૃત્તિઓ અને હિસાબોના અહેવાલો મંડળના મુખપત્રમાં પ્રકાશિત થતા હોવા જોઈએ. નિષ્પક્ષ અને ન્યાયી ચૂંટણી અથવા પસંદગી દ્વારા હોદ્દેદારો નિમાતા હોવા જોઈએ. દરેક હોદ્દેદાર વ્યક્તિ નહીં પણ સંસ્થા મહાન છે એવી ભાવનાથી કામ કરતા હોવા જોઈએ. સંપૂર્ણ પારદર્શિતા અપનાવવાથી મહામંડળ તેના હેતુઓમાં સફળ થઈ શકશે.

ચિંતન શિબિરના અંતિમ તબક્કા દરમ્યાન આવી જ ભાવનાથી મહામંડળની રચનાની જાહેરાત તઈ. તેના પ્રથમ કાર્યકારી પ્રમુખ તરીકે ભુજના શ્રી પ્રભુદાસ ખેતશી સોનીની વરણી કરવામાં આવી. ઉપસ્થિત રહેલ તમામ જ્ઞાતિ ભાઈ-બહેનોએ તે જાહેરાતને તાળીઓથી વધાવી લીધી. ઉપરાંત મહામંડળનું વ્રુ મથક જ્યાં કંસારા સોની જ્ઞાતિના કુટુંબો મોટી સંખ્યામાં છે તેવા ભુજ (કચ્છ)માં રાખવાનું નક્કી થયું. માતાજીની કૃપાથી કંસારા સોની જ્ઞાતિનું મહામંડળ ઉત્તરોત્તર પ્રગતિ સાધી જ્ઞાતિના વિકાસમાં મહત્તમ ફાળો આપશે એવી પ્રાર્થના.

## પ્રભાતનાં પુષ્પો

ભૂતકાળને કાયમ યાદ કરવાથી માણસને ભાવિનું ઘડતર કેમ કરવું તે સુઝતું નથી. પોતાના ભૂતકાળની જાહોજલાલીના ગુણગાન ગાઈને બેસી રહેનારાઓને આગળ વધવાનો કોઈ માર્ગ દેખાતો નથી.

બાપદાદાની મહત્તાની માળા ફેરવનારાઓ પોતાનું ભાવિ ભાગ્યે જ ફેરવી શકે છે.

જીવનના અરીસા ઉપર ભૂતકાળના સુખ-દુઃખની જે ધૂળ ઉડી છે એને જો સાફ કરવામાં આવે તો જ વર્તમાનમાં આપણે કેવા છીએ એનું ચોખ્ખું દર્શન થાય છે.

સંસારમાં બાળક જે પળે પ્રવેશ કરે છે કે પોતાનો પૂર્વજન્મ ભૂલી જાય છે.

કુદરતનો આ ક્રમ એ જ આજ્ઞા આપે છે કે ભૂતકાળને ભૂલીને જે પોતાનો કાગળ કોરો રાખે છે એ જ એની ઉપર જીવનના નવા નકશાઓ દોરી શકે છે.

વડલાનો ટેટો જમીન પર પડ્યા પછી એવી ચિંતા કદી નથી કરતો કે પોતે એક વિરાટ વૃક્ષમાંથી ઉતરી આવ્યો છે.

વડલાનું આ નાનકડું ફળ પોતે જ પરીશ્રમ કરીને ફરી પોતાનામાંથી એક વિરાટ વડલો ખડો કરે છે. જે જગ્યાએથી અમે આવ્યા છીએ એ પર્વતમાળા અતિ અદ્‌ભુત હતી એવા વિચાર કરીને ગંગાના જળ કદી હિમાલય તરફ પાછા વળતાં નથી.

તેથી આપણને પણ ભૂતકાળ ભૂલીને હંમેશા આગળ વધવાનો પ્રયત્ન કરવો જ જોઈએ.

*આર. પી. પોમલ - અંજાર*

# શ્રી મારૂ કંસારા સોની અખિલ ભારતીય મહામંડળ

## થોડી વિચારવા અને આચરવા યોગ્ય બાબતો

**ચુનીભાઈ પોમલ - કોઠારા (કચ્છ)**

દુનિયાના મહાન વિચારકો અને તત્વચિંતકોએ આ દુનિયાને આદર્શ વિચારો આપ્યા છે અને આપતા રહે છે. વિચાર આદર્શ અને ઊંચો હોઈ શકે પરંતુ વ્યવહારમાં આચરણની બેઠક તેને મળી શકતી ન હોય તો વિચાર - વિચાર નહીં રહેતા તરંગ બની જાય છે. મહાત્મા ગાંધી કોઈ વિચારક કે તત્ત્વચિંતક નહોતા પરંતુ તેઓ જે વાત કે વિચાર આપતા તેનું આચરણ પોતાનાથી જ કરતા.

આવા જ એક ઉમદા અને સારા વિચાર સાથે "સાબરકાંઠા મારૂ કંસારા સોની સમાજ"એ ખેડબ્રહ્મા મુકામે તા. ૨૧-૨૨ જુલાઈના કચ્છી મારૂ કંસારા સોની સમાજની 'ચિંતન શિબિર' યોજી અને ભાવવિભોર પ્રવચનમાં ભાઈશ્રી પ્રેમજીભાઈએ આપણા સમાજની પરિસ્થિતિની સમીક્ષા કરી તેમજ એક સારા વિચાર તરીકે "અખિલ હિંદ કચ્છી મારૂ કંસારા મહામંડળ" સ્થાપવાનો પ્રસ્તાવ મૂક્યો.

સંમેલનમાં કચ્છના વિવિધ તાલુકામાંથી ઉપરાંત રાજકોટ, અમદાવાદ, રાયપુર, મુંબઈ વિ. સ્થળોએથી ભાઈઓ આવ્યા. બે દિવસ સુધી ચાલેલા આ સંમેલનમાં અનેક મહાનુભાવોએ પોતાના વિચારો રજૂ કર્યા અને લગભગ મહામંડળ સ્થાપવાના વિચારને અનુમતિ આપી એમ કહી શકાય.

એની બેઠક, રચના, સ્વરૂપ, કાર્યવાહી, બંધારણ વિ.ની રચના માટે એક ઍડહોક કમિટી બનાવવી અને જેમના સુધી વિચાર પહોંચ્યો નહીં ત્યાં પહોંચાડી અને એક બેઠક કચ્છમાં બોલાવવી તેવું વિચાર્યું. આવા સુંદર વિચાર તેમજ સંમેલનને સુંદર વ્યવસ્થા સાથે મિટીંગની પૂર્ણાહૂતિ કરવામાં આવી. પ્રમુખ તરીકે પ્રભુદાસભાઈ ખેતશીભાઈએ પોતાની સંમતિ આપી એટલે સોનામાં સુગંધ ભળી.

***હવે આપણી જ્ઞાતિ તરફ નજર નાખીએ તો આપણે ક્યાં છીએ?***

૧. કચ્છમાં અંદાજીત વસ્તી ૨૦,૦૦૦ અને કચ્છ બહાર લગભગ ૧૦,૦૦૦ ગણીએ તો લગભગ ૩૦,૦૦૦ થાય.
૨. જ્ઞાતિમાં કોઈ મોટા ઉદ્યોગપતિ નથી.
૩. ઉચ્ચ શિક્ષણનું પ્રમાણ માંડ ૫% હશે.
૪. સરકારી ઉચ્ચ હોદ્દા ઉપર માંડ ૨% હશે.
૫. રાજકીય લેવલે, ઉચ્ચ હોદ્દા ઉપર ખાસ કોઈ પહોંચ્યું નથી.
૬. ૩૫થી ૪૦% સોના-ચાંદીના ધંધા સાથે સંકળાયેલા હશે. ૧૫% રેડિયો, ટી.વી., ઘડિયાળ વિગેરેના ધંધા સાથે તેમજ અન્ય નોકરી અથવા બીજા ધંધા સાથે હશે.
૭. શિક્ષણનું પ્રમાણ એસ.એસ.સી. અથવા ૧૨ ધોરણ સુધી પહોંચે. આર્થિક પરિસ્થિતિના કારણે શહેરમાં કોલેજ કરી શકતા નથી.
૮. કન્યાઓને શિક્ષણ પ્રત્યે રૂચિ વધી છે. પરંતુ ગૃહિણી તરીકેની કેળવણીની જરૂર છે.
૯. આર્થિક પરિસ્થિતિ તરફ નજર કરીએ તો ૫% મૂડીવાદી, ૨૦% સારી હાલત, ૪૦% પોતાનો વ્યવહાર ચલાવવા જેવા, બાકીના ૩૫% પોતાના બે છેડા માંડ પૂરા કરે છે. ૫%ની સ્થિતિ ચિંતાજનક ગણાય.
૧૦. ધાર્મિક દૃષ્ટિએ જોઈએ તો પ્રમાણમાં શ્રધ્ધાપૂર્વક ભાવના જોઈએ તો ઓછી જણાય છે.

ખેડબ્રહ્મા મુકામે બે દિવસની ચિંતન શિબિરમાં ખાસ કરીને શિક્ષણ અને મેડિકલ બાબતે વિશેષ ચર્ચા થઈ. ખૂબજ જરૂરી હોવા છતાં ખર્ચાળ પણ ખૂબ જ છે. બધાને સંતોષ આપવો પણ ખૂબ કઠીન કામ છે. તે ઉપરાંત જરૂરી વિચારવાનું છે તે એ કે જ્ઞાતિના ભાઈઓની આર્થિક સધ્ધરતા કેમ આવે? ફક્ત શાળાકીય શિક્ષણ જ નહીં પરંતુ આજે અનેકવિધ ધંધાના સાધનો છે તેનું પ્રેક્ટીકલ જ્ઞાન કેમ મળે? કોનું જ્ઞાન લેવું? વિ.નું શિક્ષણ આપવું જરૂરી છે.

ખેર! આ બધા પ્રશ્નોને વાચા આપવા આપણે મહામંડળની સ્થાપના કરીશું તો તેનું સ્વરૂપ કેવું હોય?

૧. જ્ઞાતિના દરેક કુટુંબ - મહામંડળના સભ્ય બને.
૨. અર્ધવાર્ષિક લવાજમ રૂા. ૧૦૦/- અથવા જે નક્કી કરીએ તે આપે.
૩. રૂા. ૧૦૦૧/- ના કાયમી ડોનર સભ્ય લઈ શકાય.
૪. રૂા. ૫,૦૦૦/- કે તેથી વધુ આપનાર દાતા સરખો ગણાય.
૫. લગભગ ૧૦૦ એકમો સભ્યની કારોબારીની સંખ્યા ગણી શકાય. જેમાં મહિલા સભ્યો પણ ૧૦% તો હોય જ.
૬. ચારથી પાંચ પેટા કમિટીઓ હોય : (૧) શિક્ષણ, (૨) મેડિકલ, (૩) મહિલા - બાળકોના વિકાસ, (૪) યુવા શક્તિ વિકાસ, (૫) સામાજીક પ્રશ્નોના ઉકેલ.
૭. પાંચ વરસે એક વખત મહાસંમેલન બોલાવાય.
૮. મુખ્ય કારોબારી વરસે એક વખત મળે. પેટા સમિતિઓ અનુકુળતા પ્રમાણે મળી શકે.
૯. તાલુકાવાર સમિતિઓ રચાય, જે તાલુકાના પ્રશ્નો મહામંડળને મોકલે.
૧૦. કચ્છ અને અન્યત્ર બધા જ સ્થળે (દેશ દેશાવરમાં) પણ આ જ રીતે સ્થાનિક સમિતિઓની રચના થાય.
૧૧. મહામંડળનું મુખ્ય મથક ભુજ (કચ્છ) રહે.
૧૨. દિવાળી પહેલાં ઍડહોક સમિતિની મિટીંગ મળે અને બંધારણ અંગે સૂચનો મેળવી, યોગ્ય સ્વરૂપ આપે. ■

આનંદ સોની (મો. ૯૮૨૫૧ ૯૯૬૯૬)
હીતેશ સોની (મો. ૯૮૭૯૧ ૨૧૮૩૦)



# વેદાંશી જ્વેલર્સ

સોના-ચાંદીના ફેન્સી દાગીના
ઓર્ડર મુજબ
બનાવનાર તથા વેચનાર

સોની બજાર, માંડવી, કચ્છ.

રમેશ બિજલાણી
મો. ૯૮૨૫૬ ૭૬૭૩૭
ફોન : (ઓ) ૨૨૪૨૪૫, ૨૨૪૪૯૪

PSC

# પંચવટી
## સ્ટીલ સેન્ટર

સ્ટીલ, ત્રાંબા, પિત્તળ,
એલ્યુમિનિયમ
વાસણના વહેપારી

કંસારા બજાર, માંડવી (કચ્છ)

વિનોદ કંસારા
(મો. ૯૮૯૮૮ ૩૧૫૨૦, રહે. ૨૩૧૭૦૮)

સુરેશ કંસારા
(મો. ૯૮૨૫૫ ૬૩૦૦૯, રહે. ૨૩૨૪૨૪)

મહેશ કંસારા
(મો. ૯૮૭૯૯ ૨૮૫૫૦, રહે. ૨૩૨૪૪૨)

# મારબલ તથા
# ગ્રેનાઈટની
# તકતીઓ
## બનાવનાર

રાણેશ્વર રોડ, માંડવી (કચ્છ)

ફોન : ૨૩૦૧૯૨



સોની



# પ્રવિણકુમાર લક્ષ્મીદાસ

સોના ચાંદીના ફેન્સી દાગીના
બનાવનાર તથા વેચનાર

મુ.પો. નાગલપુર, તા. માંડવી
(કચ્છ)

## કચ્છમાં મારૂ કંસારા સોની સમાજ દ્વારા મહામંડળના પ્રમુખનું સન્માન

ભુજના સોની સમાજના અગ્રણી પ્રભુદાસ ખેતશીની અખિલ ભારતીય મારૂ કંસારા સોની સમાજના પ્રમુખ તરીકે વરણી થતાં મારૂ કંસારા સોની સમાજ દ્વારા યોજાયેલા તેમના સન્માન પ્રસંગે વિવિધ આગેવાનોએ જિલ્લાસ્તરના એકમની પણ હિમાયત કરી.



સચિનપાર્ક ખાતે આયોજીત આ કાર્યક્રમમાં પ્રમુખસ્થાનેથી બોલતાં ભરતભાઈ સોનીએ જણાવ્યું હતું કે, મારૂ કંસારા સોની સમાજમાં જુદા જુદા સ્થળોએ કાર્યરત આગેવાનો, અધિકારીઓ, વેપારીઓ એકત્રિત થાય તો નાના સમાજનું મોટું અને મજબૂત સંગઠન ઊભું થઈ શકે તેમ છે.

અખિલ ભારતીય મારૂ કંસારા સોની સમાજના અધ્યક્ષ પ્રભુદાસભાઈએ કચ્છના સંગઠિત એકમ માટે તન, મન, ધનથી કાર્ય કરવાની ખાતરી આપતાં ઉમેર્યું હતું કે, આજના આ કાર્યક્રમનું બીજ આવતીકાલના સંગઠન રૂપી વટવૃક્ષનું રૂપ ધારણ કરી અન્ય સમાજના સંગઠનોની માફક ધબકતું બનશે તેવી આશા વ્યક્ત કરી હતી.

શ્રી શૈલેષ કંસારાએ સમાજ માટે સેતુરૂપ ભૂમિકા ભજવવાની તત્પરતા દર્શાવી હતી,

આ પ્રસંગે અંજાર સમાજના પ્રમુખ શિવલાલભાઈએ સમાજને ચેતનવંતુ રાખવાના સૂચનો કર્યા હતાં. આદિપુર, ગાંધીધામ જોડિયા શહેરના નેતા ભરતભાઈએ સમાજને ક્રિયાશીલ બનાવવા તમામ સહાયની તૈયારી દર્શાવી હતી. નખત્રાણા પંથકના આગેવાન હીરાલાલભાઈ સોનીએ સન્માનના સાચી દિશાનું કદમ ગણાવી સંગઠન તરફનું પ્રથમ પગથિયું ગણાવ્યું હતું. ભુજ સમાજના પ્રમુખ અમૃતલાલભાઈએ આવા કાર્યક્રમની આવશ્યક્તા ગણાવીને સંગઠન માટે સૌને કામે લાગી જવા આહવાન કર્યું હતું. માંડવીના પ્રમુખ વિનોદભાઈએ પણ વિચારો વ્યક્ત કર્યા હતા.

નખત્રાણાના પૂર્વ પ્રમુખ હેમેન્દ્રભાઈ કંસારાએ સમાજમાં પડેલા હીરલાઓને કેવી રીતે કર્તવ્યશીલ બનાવી શકાય તેની છણાવટ કરી હતી. આ કાર્યક્રમમાં વિથોણ, સાંયરા, ઉગેડી વિગેરે ગામોમાંથી આગેવાનો જોડાયા હતા. આ પ્રસંગે ભુજના સુનીલ કંસારા, ચંદુભાઈ ચનાણી, નવીનભાઈ કંસારા, મધુબેન કંસારા અને જિજ્ઞાબેન વિગેરે ઉપસ્થિત રહ્યા હતા. નવીનભાઈ સોનીએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત લીધી હતી. પી.જી. સોની 'દાસે' કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. આભારદર્શન કચ્છમિત્રની 'રંગે રમત'ના કટારલેખક તથા માહિતી અધિકારી શાંતિલાલ સોનીએ કર્યું હતું.

## મારૂ કંસારા સોની સમાજ મહિલા મંડળ - રાયપુર



અત્રે તા. ૧૪-૭-૨૦૦૬ના રોજ મંડળ તરફથી સમાજના પ્રત્યેક બાલક-બાલીકાઓને મફત નોટબુકોનું વિતરણ કરવામાં આવેલ. જેના સ્પોન્સરો : (૧) શ્રી જયેશકુમાર બાબુલાલ પોમલ, (૨) શ્રી નરભેરામ નાનાલાલ બુધ્ધભટ્ટી, (૩) શ્રી નરોત્તમ પ્રાગજીભાઈ બીજલાણી, (૪) શ્રી કિશોરચંદ્ર ગોપાલજી કટ્ટી, (૫) શ્રી મગનલાલ વલમજીભાઈ બારમેડા, (૬) શ્રી પ્રકાશકુમાર ભગતલાલ બારમેડા, (૭) શ્રી યોગેશકુમાર નાનાલાલ બુધ્ધભટ્ટી હતા.

***કમલેશ બીજલાણી***

***મંત્રી, શ્રી મારૂ કંસારા સોની સમાજ - રાયપુર***

## મારૂ કંસારા સોની જ્ઞાતિ - નખત્રાણા

અહીં મારૂ કંસારા સોની જ્ઞાતિના ઉપક્રમે સરસ્વતી સન્માન યોજાયો હતો.

સોની સમાજવાડીમાં પ્રમુખ હિંમતભાઈ બગ્ગાના પ્રમુખસ્થાને યોજાયેલા સમારંભમાં શિશુ મંદિરથી ધોરણ-૭ સુધી દરેક વિદ્યાર્થીઓને ઈનામો જ્યારે ધોરણ-૮થી કોલેજ સ્તરે ૫૫ ટકાથી ઉપર માર્કસ મેળવનારા વિદ્યાર્થીઓને જ્ઞાતિ તરફથી પુરસ્કારો અપાયા હતા.

દીપ પ્રાગટ્ય ભુજ જ્ઞાતિ પ્રમુખ અમૃતલાલભાઈ સોલંકીના હસ્તે કરાયું હતું. સી.એ. પાર્ટ-૨ માં અભ્યાસ કરી રહેલી મિત્તલ દિનેશભાઈ કટ્ટાને સ્વ. ઠાકરશી પરસોત્તમ કંસારા સ્મૃતિ પદક અપાયું હતું. વિથોણ, ભુજ, અંજાર, માંડવી, ગઢશીશા વગેરે જ્ઞાતિ મંડળોના પ્રતિનિધિઓએ હાજરી આપી યુવક મંડળની કામગીરીને બિરદાવી હતી. સાંસ્કૃતિક કાર્યક્રમ કલ્પનાબેન કટ્ટા, નિર્મળાબેન સોલંકી દ્વારા તૈયાર કરાયો હતો. સંચાલન હેતલ ગુજરાતીએ કર્યું હતું. ભાગલેનાર બાળકોને રોકડરૂપે પ્રોત્સાહિત કરાયા હતા. તરૂણ બારમેડા, જયેશ કટ્ટા, રમેશભાઈ, પ્રકાશ કટ્ટા વગેરેએ આયોજન અને સંચાલન કિશોરભાઈ કોટડીયાએ કર્યું હતું.

નવરચિત મહામંડળને અમારી
હાર્દિક શુભેચ્છા....

# વૈશાલી જ્વેલર્સ

અંબાજી ચોક, સાબરકાંઠા.
મો. ૯૪૨૬૪ ૪૮૫૯૭

નવરચિત મહામંડળને અમારી
હાર્દિક શુભેચ્છા....

સોની દિનેશકુમાર જેઠાલાલ – તલોદ (સાબરકાંઠા)
સોની મેહુલકુમાર શાંતિલાલ – તલોદ (સાબરકાંઠા)
સોની આનંદ ગોપાલભાઈ – તલોદ (સાબરકાંઠા)
સોની હસમુખ લાલજીભાઈ – ખેડબ્રહ્મા (સાબરકાંઠા)
સોની રાજેશકુમાર કાંતિલાલ – બાયડ (સાબરકાંઠા)
સોની જયેશકુમાર ઉમરશીભાઈ – ડેમાઈ (સાબરકાંઠા)

# માંડવી મારૂ કંસારા સોની જ્ઞાતિ સમાજ

## સરસ્વતી સમારંભની શાનદાર ઉજવણી

અહીંના શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ સમાજના પ્રથમ સરસ્વતી સમારંભનું જ્ઞાતિ પ્રમુખ શ્રી વિનોદભાઈ કંસારાના અધ્યક્ષસ્થાને શાનદાર રીતે આયોજન કરવામાં આવેલ. સમારંભનો પ્રારંભ શ્રી ગૌતમ ઋષિના સ્વસ્તિ મંત્રથી થયેલ. ત્યારબાદ કૃપા, ધારા, કોમલ, માનસી, આસ્થા, બીનલ તથા જલ્પાએ નૃત્ય અભિનિત સરસ્વતી વંદના કરેલ. દીપ પ્રાગટ્ય બાદ પધારેલ મહેમાનોનું વિનોદભાઈ કંસારા તથા રમેશભાઈ બીજલાણીએ પુષ્પગુચ્છથી સ્વાગત કરેલ. પોતાના સ્વાગત પ્રવચનમાં શ્રી કંસારાએ જ્ઞાતિના પ્રથમ વખત યોજાતા સરસ્વતી સમારંભમાં જ્ઞાતિજનોની વિશાળ સંખ્યામાં ઉપસ્થિતિ બદલ આનંદ વ્યક્ત કરતાં જણાવેલ કે, બાળકોમાં શિક્ષણ પ્રત્યેની અભિરૂચિ કેળવવા માતા-પિતાએ પણ વર્તમાન સમયમાં જાગૃત રહેવું પડશે. તેઓની સમસ્યાઓ સમજવી પડશે અને બાળકોને પોતાના રસરૂચિ ધરાવતા ક્ષેત્રમાં આગળ ધપવા દઈ માતા-પિતાએ પોતાની અપેક્ષાઓ - આગ્રહો ત્યજવા પડશે તો જ બાળક સર્વગ્રાહી પ્રગતિ માટે તૈયાર થઈ શકશે.









આ પ્રસંગે ભુજ, અંજાર, ગઢશીશા, નખત્રાણા, ગાંધીધામથી પધારેલ જ્ઞાતિના અગ્રણીઓના વરદ્ હસ્તે ધોરણ-૧ થી ૧૨માં વાર્ષિક પરીક્ષામાં સફળતાને વરેલા બાળકોને ઈનામ વિતરણ કરવામાં આવેલ. ધોરણ-૧૨ હાયર સેકન્ડરી વાણિજ્ય પ્રવાહમાં સમગ્ર માંડવી શહેર તથા જ્ઞાતિમાં પ્રથમ ક્રમાંકે આવેલ જીનલ સોલંકીને પ્રમુખશ્રી દ્વારા શિલ્ડ એનાયત કરવામાં આવેલ. ગાંધીધામના પ્રખ્યાત ટેક્ષ અને ફાઈનાન્સ કન્સલ્ટન્ટ શ્રી સમીરભાઈ કંસારાએ પણ કુ. જીનલને વિશેષ ઈનામથી પુરસ્કૃત કરતાં તેણીની અપ્રતિમ સિધ્ધિને બિરદાવી જ્ઞાતિના બાળકોને ઉચ્ચ અભ્યાસ માટે પોતાના તરફથી દરેક પ્રકારની સહાય માટે વચન આપ્યું હતું. તેઓએ પોતાના વક્તવ્યમાં વિદ્યાર્થીઓ કરતાં વિદ્યાર્થિનીઓ શિક્ષણ ઉપરાંત પણ દરેક પડકારરૂપ ક્ષેત્રમાં ગૌરવ પ્રાપ્ત કરી રહેલ છે તે પાછળ તેમની લક્ષ્ય સિધ્ધિ માટેની પ્રબળ કટીબધ્ધતા અને પુરૂષાર્થની સરાહના કરી હતી. સમાજના અગ્રણીઓ શ્રી હરીલાલભાઈ, ભરતભાઈ, હીરાલાલભાઈ, સુનીલભાઈ તથા સુરેશભાઈ સોલંકીએ પ્રાસંગિક પ્રવચનો કરેલ.

પુરસ્કૃત વિદ્યાર્થીઓ કુ. જીનલ તથા ફાલ્ગુનીએ પોતાના પ્રતિભાવ આપતાં સમાજ તરફથી કરવામાં આવેલ તેઓના અભિવાદન બદલ ખુશી વ્યક્ત કરતાં જણાવેલ કે શાળાના શિક્ષણ ઉપરાંત સમાજનું યોગદાન પણ આશીર્વાદરૂપ બની રહે છે. સોલંકી સ્વાતિ તથા દયાબેન બીજલાણીના માર્ગદર્શન હેઠળ તૈયાર થયેલ ગીત-સંગીતની આઈટેમો સોનલ બીજલાણી, રૂપલ બીજલાણી, ઉર્વિ શક્કરીયા, જાનકી હેડાઉ, નેહા કુવાડિયા, ફાલ્ગુની બારમેડા, ક્રિષ્ના હેડાઉ તથા પૂનમ સોલંકીએ રજૂ કરી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

આ કાર્યક્રમમાં ભાગ લેનાર કલાકારોને શ્રી અંજાર, ભુજ, નખત્રાણા, ગાંધીધામ મારૂ કંસારા સોની જ્ઞાતિ - અંજારના શ્રી સોની હરિલાલ લખમશી મનફરાવાલા, ગઢશીશાના શ્રી અશ્વિનભાઈ ગોરધનદાસ, કિશોરભાઈ ખીમજી, ત્રિકમદાસ રવજી પોમલ, માંડવીના સોની પ્રાગજી દેવશી પરિવાર, વિનોદ વલ્લભદાસ હેડાઉ, ચંદુલાલ વાલજી કંસારા, જેંતીલાલ હરિરામ સોની, રાજેશ ધનજી સોની, રમેશચંદ્ર વાલજી કંસારા, નરેશભાઈ ખેંગાર બીજલાણી, મૈચા ઈશ્વરલાલ ધનજી તથા મનસુખલાલ ગોવિંદજી હેડાઉ તરફથી પ્રોત્સાહક રોકડ ઈનામો મોટી સંખ્યામાં જાહેર કરવામાં આવેલ.

કાર્યક્રમના આયોજન માટે શ્રી હરેશભાઈ નેણશી, સુરેશ પ્રાગજી, પ્રવીણ લક્ષ્મીદાસ, રમેશ હરિરામ, ચેતન દામોદર, સંજય રતિલાલ, કિશોર શંભુલાલ, રાજેશ રતિલાલ, અનિલ દલપતરામ, વિનોદ પોપટલાલ, વેલજી પ્રેમજી, વેલજી દેવજીનો તથા ગુરૂકૃપા જ્વેલર્સ - નખત્રાણાનો ઉદાર આર્થિક સહયોગ સાંપડેલ. આભારવિધિ શ્રી પ્રવીણભાઈ સોલંકીએ કરેલ. સમગ્ર કાર્યક્રમનું આયોજન શ્રી કિશોરભાઈ એસ. સોલંકી તથા સંચાલન જીજ્ઞા તથા જીનલે કર્યું હતું. અલ્પાહાર બાદ કાર્યક્રમ સમાપન થયેલ.

**સોની હરેશકુમાર નેણશીભાઇ**

**(દહીંસરાવાળા)**

રૂપાના દેશી ઘાટ
(કડલા-કાંબી)ના સ્પેશ્યાલીસ્ટ

અમરીશ કોમ્પ્લેક્સ, દુકાન નં.-૧,
આંબા બજાર, સાંકળી શેરી,
માંડવી, કચ્છ.
**ફોન : (રહે.) ૦૨૮૩૪-૨૨૪૭૯૦**
**મો. : ૯૮૭૯૩ ૪૯૫૧૩,**
**૯૮૯૮૬ ૪૩૯૯૦**

**મે. સોની સુરેશકુમાર પ્રાગજી એન્ડ સન્સ**

**વૃંદાવન જ્વેલર્સ**

સોના-ચાંદીના દાગીના
બનાવનાર તથા વેચનાર

**કંસારા બજાર, માંડવી, કચ્છ.**
**ફોન : ૨૩૧૪૫૭**

**શ્રીજી જ્વેલર્સ**

**રામપર - વેકરા.**
**ફોન : ૨૭૨૭૬૯**

નવરચિત મહામંડળને
અમારી હાર્દિક શુભેચ્છા....

# શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મુંબઇ

# "ચિંતન શિબિર" પ્રતિભાવ

તા. ૨૨-૭-૦૬ શનિવાર તથા તા. ૨૩-૭-૦૬ રવિવારે શ્રી સાબરકાંઠા મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ દ્વારા ખેડબ્રહ્મા મુકામે ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવ્યું તે ઐતિહાસિક પ્રસંગ હતો. આ સફળ મહાયજ્ઞનું આયોજન કરવા બદલ શ્રી સાબરકાંઠા કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળને ખૂબ ખૂબ અભિનંદન.

સમગ્ર ભારતના તમામ જ્ઞાતિજનોએ હાજરી આપી પોતાના વિચારો ખુલ્લા મને રજૂ કર્યા. જેના ફળ સ્વરૂપ બીજા દિવસે આ મહામંડળની રચના થઈ. આ મહામંડળના કાર્યકારી પ્રમુખ તરીકે માનનીય શ્રી પ્રભુદાસભાઈ ખેતશીભાઈ ગુજરાતીની વરણી સર્વાનુમતે થઈ. શ્રી પ્રભુદાસભાઈને ખૂબ ખૂબ અભિનંદન. હવે શરૂ થતી કાર્યવાહી માટે આપણે સૌ સાથે મળીને જ્ઞાતિના ઉત્કર્ષ માટે કાર્ય કરીએ તેવી શુભેચ્છા.

***દિલીપ કે. સોની,***
***મંત્રી, શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ - ભુજ***

● ● ● ● ●

તા. ૨૨ તથા ૨૩ જુલાઈના સાબરકાંઠા શ્રી કચ્છ મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ આયોજીત ચિંતન શિબિરનું આયોજન ખૂબ સરસ કર્યું તે બદલ સાબરકાંઠાના પ્રમુખ શ્રી પ્રેમજીભાઈ તથા મંત્રીશ્રી જેઠાલાલભાઈને આવા સરસ આયોજન માટે ખૂબ ખૂબ અભિનંદન.

શિબિરમાં ચિંતન પણ સરસ થયું અને એક જ સૂર હતો મહામંડળ થવું જોઈએ અને મહામંડળની સ્થાપના થઈ ગઈ. હવે કારોબારીની રચના થશે અને સંચાલન કરતી થઈ જશે. પછી મહામંડળના ફાયદાનો લાભ જ્ઞાતિજનોને મળતો થશે.

વિશેષ મજા એ આવી કે દૂર દૂરથી આપણા જ્ઞાતિ પ્રમુખો પોતાની કારોબારી સાથે આવેલ તથા બીજા મહાનુભાવો સાથે આપણે બે દિવસ સાથે રહ્યા એ બે દિવસ જીંદગીભર યાદ રહેશે.

***જયંતિભાઈ શક્કરીયા***
***પ્રમુખ, શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ - મુંબઈ***

● ● ● ● ●

અમો ખેડબ્રહ્મા મુકામે ચિંતન શિબિરમાં આવેલ. ત્યાં અમોને અતિ આનંદ થયો. આપની જ્ઞાતિના ભાઈઓને મળવાનો લ્હાવો મળ્યો તથા અલગ અલગ ગામના પ્રમુખોના મંતવ્યો જાણવા મળ્યા. નવરચિત મહામંડળ શાંતિપૂર્વક રચાયો અને મહામંડળ સારામાં સારા કાર્ય કરશે કારણકે નવરચિત મહામંડળના પ્રમુખ શ્રી આપના જાણીતા અને ઉમદા કાર્ય કરે તેવા શક્તિમાન છે અને નવરચિત મહામંડળને અમારો સંપૂર્ણ ટેકો છે. સાબરકાંઠા કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ તરફથી મહામંડળ માટે અતિ મહેનત કરેલ છે તે તેમની મહેનત સફળ થઈ છે. ત્યાં અમારૂં માન બહુ જ જળવાયેલ છે તથા સારામાં સારી વ્યવસ્થા રાખેલ હતી. હંમેશા આવા સારા કાર્યો કરતા રહે એવી અમારી માતાજી પાસે પ્રાર્થના છે.

***વિનોદભાઈ રામજીભાઈ કટ્ટા***
***પ્રમુખ, શ્રી રવાપર મારૂ કંસારા સોની જ્ઞાતિ***

● ● ● ● ●

શ્રી સાબરકાંઠા કચ્છ મારૂ કંસારા સોની સમાજ આયોજીત ખેડબ્રહ્મા ખાતેની ચિંતન શિબિર અને તેની ફળશ્રુતિરૂપે નવનિર્મિત અખિલ ભારતીય મારૂ કંસારા સોની સમાજની રચના, એ દરેકે દરેક જ્ઞાતિજન માટે આનંદની વાત છે. અર્વાચીન સમયની આ એક તાતી જરૂરિયાત મહામંડળની રચનાથી પૂર્ણ થાય છે અને હવે આપણે સમગ્ર રાષ્ટ્ર જ નહીં પણ વૈશ્વિક ક્ષેત્રે જ્ઞાતિજનોનાં અવનવા વિચારોનું આદાન-પ્રદાન તેમજ અલગ અલગ વિષયો / કાર્યોમાં સહકાર સાધી, જ્ઞાતિજનોના વિકાસ માટે કામ કરી શકીશું એવી આશા છે. આ ઉપરાંત મહામંડળના નેજા હેઠળ આપણા વિશાળ ફલકનાં કાર્યો દ્વારા જ્ઞાતિ તેમજ જ્ઞાતિજનોની સમગ્ર સમાજ, દેશ અને દુનિયામાં આગવી ઓળખ ઊભી થાય તેવા પ્રયત્નો અને આ પ્રયત્નોની પ્રસિધ્ધિથી કરી શકીશું.

આ મહામંડળની પ્રવૃત્તિઓ / પ્રયત્નો દ્વારા જ્ઞાતિનાં શિરોમણી, સમૃધ્ધ, સુખી-સંપન્ન પહોંચતા પામતા અને વગદાર તથા ઉચ્ચ નેતાગીરીવાળા જ્ઞાતિજનોનો લાભ, વિવિધ રીતે, જ્ઞાતિનાં અદના જ્ઞાતિજનને મળતો રહે એ જરૂરી રહેશે. આપણી જ્ઞાતિનાં મોટાભાગનાં કુટુંબો જે પોતાનાં બાળકોને ફક્ત રોજગારીનાં આશયથી અભ્યાસ કરાવતા હોય છે તેવા કુટુંબોને / વિદ્યાર્થીઓને યોગ્ય રોજગારી માટે ફક્ત માર્ગદર્શક જ નહીં પરંતુ નક્કર પરિણામો લાવતી "Resultant Employment Helplines" દરેકે દરેક શહેરોમાં ખોલવા માટેનું નમ્ર નિવેદન "ચિંતન શિબિર"માં કરેલ. મારૂં માનવું છે કે આ કામથી આપણા જરૂરિયાતવાળા કુટુંબોને, જે યોગ્ય જ્ઞાન / માહિતી અને વગના અભાવે કઈ દિશામાં / કયા ક્ષેત્રમાં કાર્યશીલ થવું તે નક્કી કરવામાં ખચકાય છે તેઓને પ્રવર્તમાન સમયમાં હરણફાળ ભરતાં પ્રાઈવેટ સેક્ટરમાં યોગ્ય કામ અપાવી, મોટી સેવા કરી ગણાશે.

મહામંડળની દરેકે દરેક પ્રવૃત્તિઓમાં હૃદયપૂર્વકનાં સાથ, સહકાર અને સેવાની ખાતરી છે.

***કાંતિભાઈ હેડાઉ - રાજકોટ***

● ● ● ● ●

## શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ - ગઢશીશા

ઉપપ્રમુખ : સોની કિશોરભાઈ ખીમજી બારમેડા (મયલવાળા)
ખજાનચી : સોની ભગવાનજી રવજી સાકરીયા (દરશડી)
મંત્રી : સોની શાંતિલાલ ભવાનજી બારમેડા
સહમંત્રી : સોની જેઠાલાલ કલ્યાણજી પોમલ (લુડવા)
સહમંત્રી : સોની ચુનીલાલ વાલજી (મંગવાણા)
સભ્યો : સોની અશ્વિન ગોરધનદાસ (ગઢશીશા)
સોની ધરમશી હીરજી બુધ્ધભટ્ટી (ગઢશીશા)
સોની કીર્તિકુમાર શંકરલાલ (રત્નાપર)
સોની મોહનલાલ ગોવિંદજી (દરશડી)
સોની વસંતલાલ શંકરલાલ (દેવપર)
સલાહકાર : સોની ત્રિકમદાસ રવજી પોમલ (ગઢશીશા)
સોની માવજી વેલજી (ગઢશીશા)

**કચ્છ**

કચ્છ પાંજો
આખે ગુજરાતજો
માણેક આય.
માની ગોદમાં
સ્નેહથી નીતરવું
બહુ જ ગમે!
ખોબા જેવડા
હૃદયમાં સાગર
જેવડો પ્રેમ!

## "સુભાષિત - ચિંતન"

*"मर्कटस्य शूरा पानं, तनमध्ये वैचिक दंषनम् ।*
*तनमध्ये भूत पेशारो, यद् वा तद् वा भविष्यति ।।"*

ચંચળતા, નશો, પીડા અને ઝનુન આ ચારેય જો સાથે મળે તો કેવું પરિણામ આવે તે આ સુભાષિત માં તાદશ્ય થાય છે.

વાંદરો અન્ય પ્રાણીઓ કરતાં ચંચળ બુધ્ધિ ધરાવે છે. તે જ વાંદરાએ 'શૂરા' - દારૂનું સેવન કર્યું. તેમાંય વળી તેને વીંછીએ ડંખ માર્યો અને તેની સાથે સાથે તેના શરીરે 'ભૂત' ભરાયું. હવે, આ આવો વાંદરો કેવો ઉત્પાત મચાવશે અને તેનું શું પરિણામ આવશે તે કંઈ જ નક્કી હોતું નથી.

માણસમાત્ર પણ સ્વભાવે ઓછા-વધુ પ્રમાણમાં ચંચળતા ધરાવે છે. જ્યારે આવા ચંચળ વ્યક્તિત્વના ધની માણસને ધન, વિદ્યા, સુંદરતા કે કૌશલ્યના અહંકારનો નશો ચડ્યો હોય, તેમાંય કોઈ તેના અહંકાર કે શક્તિને ભલુ - બુરૂં કહે છે ત્યારે વિંછીએ ડંખ માર્યા જેવી તેની દશા થાય છે. જેથી જાણે શરીરે 'ભૂત' ભરાયું હોય તેવો તે ઝનુની બને છે. આવી મનોદશાથી ઘેરાયેલ વ્યક્તિ સ્વયંને અને સમાજને કેવું અને કેટલું નુકસાન કરશે, તે કંઈ જ નક્કી હોતું નથી!

***કુ. એકતા કટ્ટા - અંજાર***

તા. ૨૨મીની રાત્રે લગભગ ૧૦ વાગે અંબાજીના દર્શન કરીને વળ્યા પછી અમે દશેક જણ મેજબાન આયોજીત ગરમ ગરમ રાત્રી ભોજન માણતા હતા ત્યારે વરસાદ વરસતો હતો. એવા વરસાદમાં શ્રી પ્રેમજીભાઈએ પલળતાં આવી અમને એમના હેતથી ભીંજવ્યા. દરેકની ભોજન બાદ શયન વ્યવસ્થાની જાતે જાંચ કરી. ધન્ય છે આવા 'મેજબાન'ને. અને એમની આ નિષ્ઠાનું ફળ છે - 'મહામંડળ'. ઘણું જીવો મહામંડળ.

***તુલસીદાસ અને હંસરાજ કંસારા***

● ● ● ● ●

તા. ૨૨-૨૩ જુલાઈ, ૨૦૦૬ના રોજ શ્રી સાબરકાંઠા મારૂ કંસારા સોની જ્ઞાતિ દ્વારા એક ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવેલ જેમાં કચ્છ માંડવીના જ્ઞાતિના અગ્રણીઓ પ્રમુખશ્રી વિનોદભાઈ, મંત્રીશ્રી રમેશભાઈ, સહમંત્રી શ્રી હરેશભાઈ તથા ખજાનચી શ્રી સુરેશભાઈ ઉપસ્થિત રહ્યા હતા. આ શિબિરમાં અખિલ ભારત મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળની રચના કરવામાં આવી. શિબિરના અધ્યક્ષ શ્રી પ્રભુદાસભાઈ ખેતશીભાઈ સોનીનું નામ મહામંડળના કાર્યકારી પ્રમુખ તરીકે સૂચવવામાં આવતા, શિબિરમાં પધારેલ જ્ઞાતિ મંડળના અગ્રણીઓ તથા શ્રી સાબરકાંઠા જ્ઞાતિજનોએ ઉષ્માભર્યો આવકાર આપ્યો હતો.

પરંતુ આ કાર્ય આટલેથી અટકતું નથી. મહામંડળ રૂપી છોડનું ધરતીમાં આરોપણ કરવું જ પૂરતું નથી. તેને અર્થરૂપી જળનું સિંચન કરી તેને વિશાળ વટવૃક્ષ બનાવવાની ફરજ સમગ્ર જ્ઞાતિજનોની છે. જ્ઞાતિજનો આ ભગીરથ કાર્યમાં પોતાની જ્ઞાતિ પ્રત્યેની ફરજ અદા કરશે એવી આશા સાથે 'અસ્તુ.'

***વિનોદભાઈ હેડાઉ - માંડવી***

## આજનું ચિંતન

શંકર ભગવાને ચંદ્રને માથા પર ચડાવ્યો છે અને ઝેર ગળામાં રાખ્યું છે. તેનો અર્થ એમ કે બીજાના ગુણને માથા પર ચડાવો, બીજાના દોષો ગળામાં રાખો. આપણી સામેવાળી વ્યક્તિ જોતાવેંત તેના દોષો દેખાતા હશે તો આપણી શિવભક્તિ કાચી છે. હંમેશા દરેક વ્યક્તિમાં કોઈને કોઈ સદ્‌ગુણ હોય જ છે. તે શોધતાં જેને આવડ્યું તે શિવભક્તિ જાણે છે. સવારે નવને વીસ મિનિટે બગડી ગયેલી ઘડીયાળ પણ દરરોજ બે વખત સાચો સમય દેખાડે છે, તો પછી માણસ એટલો બધો બગડી ગયો હોય છે કે તેનામાં બે સદ્‌ગુણ પણ ન હોય? સામાવાળાના ગુણો જોતાં આવડવા જોઈએ. એટલું જ નહીં, તે બોલતા આવડવા જોઈએ. ગુણો બોલી દેખાડવાથી સામેવાળો તેવો ન હશે તો પણ સદ્‌ગુણી થવા પ્રયત્ન કરશે. તો આપણે પણ ચંદ્રને માથા ઉપર રાખતા શીખ્યા છીએ એમ કહેવાય. સામેવાળાના દોષ ગળાની બહાર ન કાઢવા જોઈએ. સામાન્ય માણસ દોષની જાહેરાત કરતો હોય છે. મહાપુરૂષો ગુણની જાહેરાત કરતા હોય છે. માટે તેઓ શિવભક્ત કહેવાય છે.

***પ.પૂ. પાંડુરંગ શાસ્ત્રીજીના પ્રવચન પરથી સંકલિત***
***પ્રેષક : બિહારીલાલ બુધ્ધભટ્ટી - રાજકોટ***

# વાહ રે! આજની COMBO OFFER!

કુ. એકતા કટ્ટા - અંજાર

પૂર્વે માતા-પિતા માટે પુત્રીને સારું ઠેકાણું મળે તેની સતત ચિંતા રહેતી હતી અને પુત્રને સારી ધંધાકીય લાઈન મળે તેની ચિંતા હતી, પરંતુ આજના આધુનિક કાળમાં કે જ્યારે 'Combo Offer' – 'Combined Offer' જેવી કે T.V. સાથે DVD Freeની પ્રથા ચલણમાં છે ત્યારે માતા-પિતાની ચિંતા પણ 'Combo' થઈ ગઈ છે. પુત્રી માટે સારા ઠેકાણાની સાથે સાથે તે પગભર પણ થઈ શકે તે માટે તેને સારી ધંધાકીય લાઈન (વ્યવસાયિક પ્રવૃત્તિ) આપવી પડે છે અને પુત્રને સારી ધંધાકીય લાઈન આપવાની સાથે સાથે તેને પોતાના પરિવારની સારી રીતે સારસંભાળ રાખી શકે તેનું ઠેકાણું કરી આપવાની (સારી છોકરી શોધી આપવાની) ચિંતા સતાવે છે. આમ, માતા-પિતાની ચિંતા પણ 'Combo' થઈ ગઈ છે. ધંધાકીય લાઈનની સાથે ઠેકાણાની ચિંતા Free! અને ઠેકાણાની સાથે ધંધાકીય લાઈનની ચિંતા Free!

ત્યારે સહેજે ઉદ્ગાર નીકળે – વાહ રે! આજની આધુનિક કાળની Combo Offer! અને માતા-પિતાની ચિંતાઓ માટે કહી શખાય કે હાય હાય રે! આજની આ Combo ચિંતા!

- **અંતર્નિહીત વિચાર :**

આધુનિક કાળની આ વિટંબણા છે કે દરેક માતા-પિતા પોતાની પુત્રીને પગભર બનાવવા ઈચ્છે છે અને પોતાની પુત્રવધૂ પોતાના પરિવારની પૂરેપૂરી સારસંભાળ લે તેવી અપેક્ષા રાખે છે. તો પુત્રવધૂ પણ કોઈ પિતાની પુત્રી જ હોય છે ને! તો તે પણ પગભર થવાની અપેક્ષા સેવે જ ને! પરિણામે વિરોધાભાસ જ ઊભું થશે. અને બેમાંથી એકેય અપેક્ષા પરીપૂર્ણ થતી નથી અને માનવીય જગતમાં અસંતોષ જ ઊભો થાય છે.

વળી, અહીં પુત્રવધૂથી 'પૂરેપૂરી' સાર-સંભાળમાં આર્થિક સહયોગની અપેક્ષા પણ હોય છે. પુત્રવધૂ ઘરનું કામ પણ કરે અને આર્થિક સહયોગ આપવા નાનો એવો વ્યવસાય પણ કરે, જેના કારણે પુત્રવધૂ દ્વારા કોઈક એક ફરજ પ્રત્યે ફરજચૂક પણ થઈ જતી હોય છે. આપણે ઘણી વખત સાસુ-સસરાને અહંકારમાં મ્હાલતાં અને જાહેરમાં કહેતા જોવા મળતા હોય છે કે મારી પુત્રવધૂની કમાણી તો બહુ વધુ છે! પરંતુ આની પાછળનું નુકસાન સમય જતાં ખબર પડે છે ત્યારે તે નુકસાન કેમ થયું તે પણ નક્કી થઈ શકતું નથી.

વાસ્તવમાં વિચાર કરીએ તો માનવીય સામાજીક જીવનની સફળતા માટે વિભિન્ન વિભાગો (Divisions), વિભિન્ન પરજો નિયત કરેલી જ છે. MBA - BBA જેવા અભ્યાસક્રમોનાં આ યુગમાં 'LMA' - Life Management Administrationનો અભ્યાસક્રમ પણ વિચારવા યોગ્ય છે. અત્રે એ સર્વવિદિત છે કે કોઈ પણ વ્યવસાયિક પ્રતિષ્ઠાન કે ઉદ્યોગનું સફળતાપૂર્વક સંચાલન કરવું હશે તો તે માટે તેનું વ્યવસ્થાપન (મેનેજમેન્ટ) કરવું પડશે તથા મેનેજમેન્ટનાં નિયમ પ્રમાણે વિભિન્ન વિભાગો (ડિવીઝન્સ) નક્કી કરી જે તે વિભાગ માટે કાર્યક્ષેત્રો નિયત કરવામાં આવે. દા.ત. માર્કેટીંગ ડિવીઝન, પ્રોડક્શન ડિવીઝન, પરચેઝીંગ ડિવીઝન, ફાઈનાન્સ ડિવીઝન વગેરે. તેવી જ રીતે માનવીય સામાજીક જીવનનાં વ્યવસ્થાપન (મેનેજમેન્ટ) માટે વિભિન્ન ફરજોરૂપી ડિવીઝન્સ નિયત કરેલા જ છે. દા.ત. પરિવારના ભરણપોષણ માટે આર્થિક વ્યવસ્થા માટે કમાવવાની પરજ, પરિવારની શારીરિક, માનસિક, બૌધ્ધિક પુષ્ટતા માટે સંસ્કારો, ઘરની સાર-સંભાળની ફરજ, વ્યવહારો અને પરંપરાઓનું શિક્ષણ આપવાની ફરજ વગેરે.

પરંતુ વળી પાછો પ્રશ્ન થાય કે આજે તો કેરીયર બનાવવાનો અને કોમ્પ્યુટરનો યુગ છે, તેમાં તો બધી જ રીતે Sharp થવું પડે. આપણે ઘણાને કહેતા જોયા હશે કે 'હું તો અથવા એ તો બહુ સ્માર્ટ અને ટેલેન્ટેડ છે. માર્કેટીંગ ડિવીઝન, પ્રોડક્શન ડિવીઝન અને ફાઈનાન્સ ડિવીઝન ત્રણેયમાં માસ્ટરી છે!' ત્યારે સામાજીક જીવનમાં પણ વિભિન્ન ફરજો કમાવવાની, ઘરની સારસંભાળની ફરજો વગેરે એક સાથે અદા કરવી જોઈએ. પરંતુ આના પરિણામસ્વરૂપે એક વ્યવસાયિક પ્રતિષ્ઠાન કે ઉદ્યોગને થતાં નુકસાન કરતાં કઈં અનેકઘણું નુકસાન માનવીય જીવનમાં ફરજોની ભેળસેળથી થતું હોય છે.

જ્યારે એક ઘરની પુત્રવધૂ આર્થિક વ્યવસ્થા માટે કમાવવાની ફરજ હાથમાં લે છે ત્યારે તેની વાસ્તવિક ફરજ કે જે માટે નૈસર્ગિક રીતે તે સક્ષમ છે તે એટલે કે પરિવારની શારીરિક, માનસિક, બૌધ્ધિક પુષ્ટતા માટે સંસ્કારો આપવા અને ઘરની સાર-સંભાળની ફરજમાં તેનાથી દેખીતી રીતે જ કાપ-કૂપ થઈ જાય છે. ઘણી વખત આપણે જોયું છે કે પુત્રવધૂ વ્યવસાયાર્થે વ્યસ્ત જ રહેતી હોય ત્યારે ઘરનાં વડીલો જેમ કે સાસુમા – બાળકો તથા ઘરનાં સભ્યો માટે ભોજન તથા બીજા કામો કરતા હોય છે. બાળકોના શિક્ષણના કાર્યો કરતા હોય છે અથવા તો આવા કાર્યો માટે આયા અથવા કામવાળી બાઈની નિયુક્તિ કરવામાં આવે છે. બાળકોનાં શિક્ષણ બાબતે ઘણી વખત 'મૂડી કરતાં વ્યાજ વહાલું'નાં ન્યાયે વડીલો બાળક સાથે કડક વલણ ન લેતાં ઢીલાશ મૂકે છે. જેમ કે ગૃહકાર્યનાં સમયે રમવા આપવું વગેરે.... પરિણામે બાળક શિક્ષણમાં પાછળ પડે છે. સાથે સાથે વડીલોનાં જીવનનાં નિવૃત્તિના સમયમાં તેઓ રસોઈ બનાવવી, બાળકોના સમય સાચવવા જેવા કાર્યોની

પળોજણમાં પડતા દેખાતા હોય છે. આ બધા જ કારણોસર જીવનમાં અસંતોષની લાગણી ઊભી થતી દેખાય છે.

આ અસંતોષને દૂર કરવા પુત્રીને એટલું જ અને એવું શિક્ષણ આપવામાં આવે કે તે શિક્ષિત, આધુનિક, અને બુધ્ધિમાન બની પરિવારની દક્ષતાપૂર્વક સારસંભાળ લે તથા સમય આવ્યે પગભર થઈ પરિવારને મદદરૂપ બની શકે. પહેલેથી જ પગભર બનાવી તેની નૈસર્ગિક ફરજ પૂરી પાડવાની શક્તિને રોકવાનું નહીં અને પુત્રને એટલું શિક્ષણ કે તે પરિવારનું ભરણપોષણ અને સાંસારીક વ્યવહારો, રીતિરીવાજો - પારંપરિક અને મર્યાદાપૂર્ણ રીતે કરી જીવન મૂલ્યોને સતેત ઊંચું લાવે.

આ વિષય એટલો ગહન છે કે તેના પર એક પુરૂં પુસ્તક લખી શકાય.

## મુંજો કચ્છડો બારેમાસ

***"આવ રે વરસાદ, ઢેબરીયો પ્રસાદ,***
***ઉની ઉની રોટલી ને કારેલાનું શાક."***

અને આગળ જોતાં "ઓશો"ને યાદ કરીએ તો 'ઓશો'નું સ્વપ્ન સાકાર થયું હોય એમ લાગે છે. 'ઓશો'નું એ સ્વપ્ન હતું કે હું કચ્છ આવીશ ને કચ્છને રળીયામણું બનાવીશ. કેટલા વર્ષોથી ધરતી પાણી વગરની સૂકી ધરાનો આજે તો તાબડતોબ છલોછલ ભરાઈ ગયું. મેઘસવારી આવી ગઈ છે. તૈયાર રાખો કચ્છની ધરતીને આજે તરસ છુપાવી દઉં એમ મેઘરાજા કહેતા હોય એમ લાગે છે. આજે તો ચાર-પાંચ દિવસથી વરસાદ વરસી રહ્યો છે. હું પણ એમ જ માનું છું કે 'ઓશો'નું સ્વપ્ન સાકાર થયું લાગે છે. વરસાદ માટે તો પશુ, પંખી, જાનવર અને માનવજાતિ પુકારતા રહ્યા હતા. આજે તો બધા માટે મેઘરાજાએ તરસ છીપાવી નાખી છે. આપણો કચ્છી કાવ્ય દૂહો કહીએ તો :

***'શિયાળે સોરઠ ભલો ને ઉનાળે ગુજરાત ભલો,***
***ચોમાસે વાગડ ભલો, મુંજો કચ્છડો બારેમાસ ભલો."***

કચ્છડો ખીલતો ખીલતો રહે અને મેઘસવારી વરસોવરસ આવતી રહે ને હવે આપણે જોઈએ તો કચ્છના બધા તાલુકાઓમાં પાણી પાણી થઈ ગયું. તાલુકામાં જોઈએ તો લખપત - માંડવી - અબડાસા - મુંદ્રા - ભુજ - અંજાર અને વાગડ, દક્ષિણ ગુજરાત માથે પણ પાણીની રેલમચેલ કરી નાખી. લખપતમાં તો કેટલાયે વર્ષોથી વરસાદ વરસતો નહોતો. ભુજ - અંજાર - અબડાસા માટે પણ રેલમછેલ બનાવી છે મેઘરાજાએ. પાનન્ધ્રોમાં લીગ્નાઈટમાં પણ પાણી ભરાઈ જતાં કોલસાની અવરજવર મુશ્કેલીમાં મૂકાઈ ને રોડ પણ પાણી પાઈ. ડેમના ડેમ છલકાઈ ગયા છે ને હવે તો ખેતી માટે ખૂબજ લાભદાયક થયું ને પાણીની ખૂબ જ આવક થઈ છે. પશુ, જાનવર, પક્ષીઓ માટે તરસનો પાર ના રહ્યો. હવે તો હું એમ જ કહીશ કે મેઘરાજા વરસો વરસ વરસતા રહે....

***પ્રકાશ પી. સોની (શંભુ) - નખત્રાણા***

## છાડબેટ કેસ સંદર્ભે મારુ કંસારા અધિકારીને હેગ મોકલવામાં આવ્યા હતા

મધુવન પૂર્તિમાં મારુ કંસારા જ્ઞાતિનો પરિચય વાંચતાં વાંચતાં સ્વ. આર. કે. બુદ્ધભટ્ટી યાદ આવી ગયા. એમનું આખું નામ રતિલાલ કેશવજી બુદ્ધભટ્ટી હતું અને તેઓ બુદ્ધભટ્ટી સાહેબનાં નામથી જાણીતા હતા. સને ૧૯૪૬માં બી.ઈ.ની ડિગ્રી પ્રાપ્ત કરી. તે સમયે કચ્છના મહારાઓશ્રી વિજયરાજજી બાવાએ તેમને માસિક કોરી ૧૦૦૦/-ના પગારથી સરવે સુપ્રિ. તરીકે નીમ્યા હતા.

સને ૧૯૪૮ના જૂનની પહેલી તારીખે કચ્છ રાજયનું દિલ્હી સાથે જોડાણ થયું. ચીફ કમિશનર પ્રોવિન્સ બન્યું. એ સમયે કચ્છમાં દુકાળ પડ્યો. પશુ માટે ઘાસની તકલીફ ઊભી થઈ ત્યારે તુલસીદાસ શેઠે રેવન્યુ કમિશનર હતા. ત્યારે છાડબેટ (જે આપણી હકુમતમાં હતો)માં ઘણું જ ઘાસ હતું. પણ ત્યારે ટ્રાન્સપોર્ટેશનની તકલીફ હતી, રસ્તા હતા નહિ. ભુજથી ખાવડાનો રસ્તો પણ ન હતો. ત્યારે સ્વ. બુદ્ધભટ્ટીને એ કામ સોંપવામાં આવ્યું. ખાવડામાં દોઢ માસ મુકામ કર્યો. હું પણ સાથે હતો. સુખપરના કણબી કાનજી પરબતે માધાપર-સુખપરથી કણબી ભાઈ-બહેનોને સાથે લીધાં અને ખાવડાથી છાડબેટ સુધીનો રસ્તો તૈયાર કર્યો. તે વખતે ખાવડાના થાણેદાર તરીકે ત્રિભુવનલાલ છાયા હતા અને ફોજદાર તરીકે કાન્તિલાલ વ્યાસ હતા. આ રસ્તાનું કાર્ય ઝડપી બને તે માટે સી. કે. દેસાઈ, ખાબડે અને ટી. એમ. શેઠ ખાવડા સ્થાનિકે અઠવાડિયામાં બે દિવસ અવશ્ય જતા.

આ કાર્ય માત્ર દોઢ માસના સમયમાં પૂરું થયું તે સમયે દાતારસિંગ ફોડર મિનિસ્ટર હતા. તેમણે સ્વ. બુદ્ધભટ્ટીને ધન્યવાદ આપ્યા હતા. ત્યાર પછી કુકમાથી હાજાપર રસ્તાનું કામ ફેમીન-રિલીફ હેઠળ સ્વ. બુદ્ધભટ્ટીને સોંપવામાં આવ્યું હતું.

સને ૧૯૫૦માં ફતેહમહમદના મકાનનું રિનોવેશન સ્વ. બુદ્ધભટ્ટીના સુપરવિઝન નીચે થયું હતું. એમણે કલેક્ટરના પી.એ. તરીકે બે વરસ કાર્ય કર્યું હતું.

છાડબેટની માલિકીનો પ્રશ્ન પડોશી દેશે ઊભો કર્યો અને કેસ હેગ અદાલતમાં ચાલ્યો ત્યારે સરવે ઓફ ઇન્ડિયા દહેરાદૂને તૈયાર કરેલા ટોપોશીટ બીજા પુરાવાના નકશાઓ બધું લઈને સ્વ. બુદ્ધભટ્ટીને હેગ મોકલવામાં આવેલા.

સ્વ. બુદ્ધભટ્ટી કચ્છના માઈનોર પોર્ટસના ઈન્જિનીયરના પદે નિયુક્ત (પોર્ટ કમિશનર એન્ડ હાર્બર ઈન્જિનીયર) થયા હતા. તાલીમ લેવા માટે તેઓને હોલેન્ડ મોકલવામાં આવ્યા હતા. કંડલા-ડીસા રેલવે માટેની જમીન એક્વાયર કરવાની કામગીરી એમને સોંપવામાં આવી હતી.

ગુજરાત રાજય થતાં બુદ્ધભટ્ટી આખા ગુજરાતના ડાયરેક્ટર ઓફ પોર્ટસના સર્વોચ્ચ હોદ્દા ઉપરથી રીટાયર થયા હતા પણ નિવૃત્ત જીવન બહુ લાંબુ ભોગવ્યું નહિ અને માત્ર ૭૦ વર્ષની વયે અવસાન પામ્યા.

***સૌજન્ય : 'કચ્છમિત્ર' (સરોજભાઈ શુક્લ)***

## શ્રી શૈલેષ કંસારાની ભાવભરી વિદાય

**– અતુલ સોની**



*શ્રી કચ્છી સમાજ - અમદાવાદના પ્રમુખ શ્રી મનસુખભાઈ પટેલ શ્રી શૈલેષ કંસારાનું અભિવાદન કરે છે.*

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદના સહમંત્રી શ્રી શૈલેષ કંસારાની કચ્છના માનીતા અખબાર 'કચ્છ મિત્ર'માં જનરલ મેનેજર પદે નિમણુક થતાં અમદાવાદની વિવિધ સંસ્થાઓ દ્વારા તેમને સન્માનપૂર્વક ભાવભરી વિદાય આપવામાં આવેલ છે.

શ્રી શૈલેષભાઈ કંસારાએ અમદાવાદ ખાતે જ્ઞાતિ મંડળની સ્થાપનામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવેલ હતી. તેમના સંન્નિષ્ઠ પ્રયાસો અને દીર્ઘદષ્ટિથી ટુંકાગાળામાં અમદાવાદની સંસ્થાએ ખૂબ પ્રગતિ કરેલ છે. જ્ઞાતિના મુખપત્ર 'જ્ઞાતિસેતુ'ની શરૂઆત કરવામાં તથા તેના સફળ સંચાલનમાં શ્રી શૈલેષભાઈનો વિશેષ ફાળો રહેલ છે. અમદાવાદ જ્ઞાતિમંડળ કારોબારી સમિતિ દ્વારા તેમના માનમાં વિદાય કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જેમાં સ્મૃતિ ચિહ્ન ભેટ આપવામાં આવેલ. સમગ્ર અમદાવાદ જ્ઞાતિ તેમની સેવાઓને હંમેશા યાદ રાખશે. સન્માનના પ્રત્યુત્તરમાં શ્રી શૈલેષભાઈએ જણાવેલ કે તેઓ ભુજ ખાતે રહીને પણ 'જ્ઞાતિસેતુ' માટે હંમેશા કાર્યશીલ રહેશે.

શ્રી શૈલેષભાઈ કંસારાએ શ્રી કચ્છી સમાજ - અમદાવાદના સહમંત્રી પદે સંસ્થા વિકાસ માટે કાર્યો કરેલ તેની નોંધ લઈ, તે સંસ્થા દ્વારા તેમને સન્માનિત કરવામાં આવેલ છે. 'અષાઢી બીજ' નિમિત્તે યોજાયેલ સાંસ્કૃતિક સમારોહમાં શ્રી શૈલેષભાઈને વિવિધ મહાનુભાવો દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવેલ હતી.

શ્રી શૈલેષભાઈ કંસારા છેલ્લા ૨૭ વર્ષોથી દિલ્હી પ્રેસ સાથે સંકળાયેલ હતા. અમદાવાદમાં બ્રાંચ મેનેજર તરીકેની તેમની કારકીર્દિ ઉજ્જવળ રહી. દિલ્હી પ્રેસ દ્વારા શ્રી શૈલેષભાઈને ભાવભરી વિદાય આપવામાં આવેલ. આ પ્રસંગે અમદાવાદ ખાતેના મિડીયા ક્ષેત્રના વિવિધ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સમસ્ત કચ્છી સમાજનું ગૌરવ - પુનિત સોની

***શું કોઈ મોબાઈલ ફોનના એસ.એમ.એસ. દ્વારા દૂરથી બલ્બ, લાઈટ, પંખા, ફ્રિઝ વિ. જેવા ઈલેક્ટ્રીક ઉપકરણો ચાલુ બંધ કરી શકે?***



**નિરમા યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા શ્રી પુનીત અતુલકુમાર સોની 'રીમોટ કન્ટ્રોલ ઓફ ઓન સિસ્ટમ' વિકસાવી વિશિષ્ટ સિધ્ધિ હાંસલ કરી તે બદલ કચ્છી સમાજ વતી પ્રમુખશ્રી મનસુખભાઈ પટેલ, પુનીતનું સન્માન કરે છે.**

તાજેતરમાં અમદાવાદ ખાતે શ્રી કચ્છી સમાજ દ્વારા યોજાયેલ કાર્યક્રમમાં મંચસ્થ મહાનુભાવો અને સર્વે દર્શકો આધુનિક ટેક્નોલોજીના એક હેરતભરેલ પ્રયોગ જોઈ દંગ રહી ગયા. નિરમા યુનિવર્સિટીમાં ઈલેક્ટ્રોનિક - કોમ્યુનિકેશન એન્જીનીયરીંગ શાખામાં અભ્યાસ કરતાં શ્રી પુનિત સોનીએ વિકસાવેલ આ ટેક્નોલોજીના પ્રયોગનું સફળ નિદર્શન ટાઉનહોલ ખાતે કરવામાં આવેલ. સભાખંડમાં ઉપસ્થિત રહેલ કોઈપણ વ્યક્તિ પોતાના મોબાઈલ પરથી એક એસ.એમ.એસ. મોકલાવી, સ્ટેજ પર રહેલ વિદ્યુત બલ્બને ચાલુ કે બંધ કરી શકે છે તેમ જાણી સૌએ આશ્ચર્ય અનુભવેલ. પુનિત સોનીની આ વિશિષ્ટ સિધ્ધિ બદલ શ્રી કચ્છી સમાજ - અમદાવાદના પ્રમુખ શ્રી મનસુખભાઈ પટેલે શિલ્ડ અર્પણ કરી સન્માનિત કરેલ અને સૌએ તાળીઓના ગડગડાટ સાથે પુનિતને વધાવી લીધેલ.

શ્રી પુનિત સોનીએ આ પ્રયોગ અંગે જણાવેલ કે એસ.એમ.એસ. દ્વારા ઉપકરણોના સંચાલન ટેક્નોલોજીના ઉપયોગોની સંભાવનાઓ વિશાળ છે. તેમના આ પ્રોજેક્ટને રાષ્ટ્રીય કક્ષાએ શ્રેષ્ઠ પ્રોજેક્ટ જાહેર કરવામાં આવેલ છે. નાની ઉંમરે ટેક્નોલોજી ક્ષેત્રે પ્રગતિ કરતા પુનિત સોની માટે સમસ્ત જ્ઞાતિ તથા કચ્છી સમાજને ગૌરવ છે.

શ્રી પુનિત સોની, શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિમંડળના માનદ્ મંત્રી શ્રી અતુલ સોનીના સુપુત્ર છે.

શ્રી પુનિત સોનીને 'જ્ઞાતિસેતુ'ના હાર્દિક અભિનંદન.



શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા આયોજીત સાંસ્કૃતિક કાર્યક્રમ દરમ્યાન ધોરણ-૧૦ એસ.એસ.સી.માં ઉચ્ચ ગુણાંક મેળવી ઉત્તીર્ણ થયેલી વિદ્યાર્થિનીને સ્વ. વિઠ્ઠલદાસ ટોપણદાસ કોટડીયા પારિતોષિક એનાયત કરતા શ્રી રાજેશભાઈ કોટડીયા.

# SETU # FINAL PROOF #

## સેતુનો સાદ

*આપણી જ્ઞાતિના મુખપત્ર 'જ્ઞાતિસેતુ'માં આપણી જ જ્ઞાતિના બાળકો અને યુવા મિત્રોની પ્રતિભાને બહાર લાવવાની નીતિ રહેલ છે. આગામી અંક 'દીપોત્સવી અંક' તરીકે પ્રસિધ્ધ થવાનો હોઈ, તમામ વાંચકોને તથા ખાસ કરીને યુવા મિત્રોને લેખ, ટૂંકી વાર્તા, કાવ્યો, હાસ્ય રચના જેવા લખાણો તા. ૨૫-૯-૨૦૦૬ સુધીમાં મળી જાય તે રીતે મોકલી આપવા આમંત્રણ છે.*

*દીપોત્સવી અંક માટે આપના વ્યવસાયની જાહેરાતની વિગતો પણ તા. ૨૫-૯-૨૦૦૬ સુધીમાં મળી જાય તે રીતે મોકલી આપવા વિનંતી છે.*

### ખુદા તેરા અહેસાન

ખુદા તેરા અહેસાન મુજપર હર સાંસોમેં રહેગા
થોડી સી રાહ દિખાતે રૂકતે ગયે હૈં હમ
અંધેરા ઘના છા રહા હૈ,
થામ લે તું હાથ મેરા,
ચલ રહા હું તેરે સહારે, બંદા હું નેક તેરા.

### ખતા હુઈ

મુજસે ક્યા ખતા હુઈ હૈ, વક્ત જો રૂક ગયા હૈ,
અનહોની કો હોની કર દે, વો રોશની તુજમેં હૈ.
ઉસકે દિલમેં હૈ ખુદા, પ્યાર મેરા બસા હૈ,
કભી વો મુજસે હો ના જુદા, રહે નજર તેરી સદા મુજપે.

### હાઈકુ

સરખામણી
બનાવે છે લોકોને
વધુ ગરીબ!

નસીબ પર
પુરૂષાર્થના કેવા
શોભે ઘરેણા!

દિલનું ઘર
કવિતાની રેતીથી
બાંધેલું શોભે!

ખ્વાઈશોનો
જન્મ તો 'જીનલ'
રોજ થાય છે!

સંબંધ દોર
કોઈ'દી ગાંઠ વાળો
ટકે જ નહીં!

પુરૂષાર્થની
પૂરી માટે ભાગ્યનું
તેલ મળે જ!

**કુ. જીનલ પ્રવીણભાઈ સોલંકી - નાગલપુર, માંડવી**

નવરચિત મહામંડળને
શુભેચ્છા

aakar
associates
Civil Engineers & Contractors

Girish Kantilal Barmeda 98240 63970
Kantilal Nagjibhai Barmeda 98258 55170

301, Aakashdeep Duplex, Near Shreyas Crossing,
Ambawadi, Ahmedabad-380015 • Tel.: 079- 3252 1282, 2660-3154

# અભિનંદન

## કંસારા સોની સમાજનું ગૌરવ



ભુજમાં રહેતા અને શ્રી વી.ડી. હાઈસ્કુલના ધોરણ-૧૨માં અભ્યાસ કરતાં **શ્રી કાર્તિક શિશિરભાઈ હેડાઉ (કંસારા-સોની)**એ ઉચ્ચતર માધ્યમિક વિદ્યાર્થીઓની ટેબલ ટેનિસની સ્પર્ધામાં સમગ્ર કચ્છ જીલ્લામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી હેડાઉ પરિવાર, સમગ્ર કંસારા સમાજ તેમજ તેની માતૃ સંસ્થા વી. ડી. હાઈસ્કુલનું ગૌરવ વધારેલ છે.

દર વર્ષે રાજયનાં તમામ જીલ્લાઓમાં, જીલ્લા કક્ષાની શાળાકીય ટેબલ ટેનિસની સ્પર્ધા યોજાય છે જેમાં જીલ્લા કક્ષાએ પ્રથમ આવેલ વિદ્યાર્થીને રાજ્ય કક્ષાએ અને ત્યારબાદ રાષ્ટ્રીય કક્ષાએ પોતાનું કૌવત બતાવવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થાય છે. કચ્છ જીલ્લાની આવી ઉચ્ચ માધ્યમિક કક્ષાની ટેબલ ટેનિસની સ્પર્ધા તા. ૨૭-૭-૦૬ના રોજ ગાંધીધામ મુકામે યોજાઈ ગઈ. જેમાં જીલ્લાની જુદી જુદી ઉચ્ચ માધ્યમિક સ્કુલોના વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો. જેમાં શ્રી કાર્તિક શીશીરભાઈ હેડાઉએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી તેમના પરિવાર, સમગ્ર કંસારા સોની જ્ઞાતિને ગૌરવ પ્રદાન કરેલ છે. ચાલુ વર્ષે જીલ્લા કક્ષાની શાળાકીય લોન ટેનીસની સ્પર્ધામાં પણ તેમણે ભાગ લીધેલ, જેમાં માત્ર નજીવા તફાવતથી બીજું સ્થાન પ્રાપ્ત કરી જીલ્લામાં રનર્સ અપ થયેલ છે.


કાર્તિકને સ્પોર્ટસના ક્ષેત્રમાં નાની ઉંમરથી ઋચિ રહી છે અને તેણે સખ્ત પ્રેકટીસથી આ ક્ષેત્રમાં સફળતા મેળવી છે. કચ્છ જીલ્લાની સ્કુલ ગેઈમ્સમાં ૨૦૦૩ની સાલમાં તે જીલ્લા કક્ષાએ ચેમ્પિયન જાહેર થયેલ. તે જ રીતે ૨૦૦૫ અને ૨૦૦૬નાં વર્ષમાં અંડર-૧૯ સ્કુલ ગેઈમ્સમાં પણ કચ્છ જીલ્લા કક્ષાના ચેમ્પિયન જાહેર થયેલ. ૨૦૦૪ની સાલમાં નાદુરસ્ત તબિયતના કારણે જીલ્લા કક્ષાએ રેન્ક-૩ મેળવેલ. ટેબલ ટેનીસના ક્ષેત્રને ફક્ત શાળાકીય ક્ષેત્રે મર્યાદિત ન રાખતાં તેણે સમગ્ર કચ્છ જીલ્લાની ઑપન ટેસ્ટોમાં પણ ૨૦૦૨માં ચેમ્પિયન, ૨૦૦૩માં જુનીયર ચેમ્પિયન, ૨૦૦૩માં જ મેન્સ રનર્સ અપ, ૨૦૦૫માં જુનીયર ચેમ્પિયન અને આજ વર્ષમાં ઈન્ટર સ્કુલ ચેમ્પિયન ઉપરાંત મેન્સ ડબલ્સ રનર્સ અપ જાહેર થયા છે. ટેબલ ટેનીસની ગુજરાત સ્ટેટ લેવલની સ્પર્ધાઓમાં વર્ષ ૨૦૦૪ તથા ૨૦૦૫, જે અનુક્રમે નવસારી તેમજ ધ્રોળ ખાતે યોજાયેલ તેમાં પણ શ્રી કાર્તિકે કચ્છ જીલ્લાનું પ્રતિનિધિત્વ કરેલ અને આ સર્વે મેચોમાં ઉત્કૃષ્ટ દેખાવ કરી કચ્છ જીલ્લાની શાખ ઊભી કરી નામના વધારેલ છે. તેમજ ટેનીસના ક્ષેત્રે પણ જીલ્લા અને જીલ્લા બહાર રેલ્વે, તેમજ વિવિધ જીમખાના, ક્લબો દ્વારા આયોજીત સ્પર્ધાઓમાં મોખરે રહેલ છે અને વિવિધ એવોર્ડઝ, કપ, મેડલ્સ પ્રાપ્ત કર્યા છે.

તેઓશ્રી સ્પોર્ટસની જેમ જ અભ્યાસનાં ક્ષેત્રમાં પણ આગળ રહેલ છે. ધોરણ-૧૦માં ૭૦ ટકા તથા ધોરણ-૧૧માં ૭૭ ટકા ગુણ મેળવેલ છે. હાલ તે ધોરણ-૧૨ કોમર્સમાં અભ્યાસ કરી રહેલ છે.

શ્રી કાર્તિક હેડાઉ ભુજના શ્રીમતી ગીતાબહેન હેડાઉ અને સોના ચાંદીના વેપારી અને કંસારા સોની સમાજનાં અગ્રણી કાર્યકર શ્રી શીશીરકુમાર અમૃતલાલ સોની (હેડાઉ)ના સુપુત્ર છે.

તેમણે પ્રાપ્ત કરેલ સફળતાઓ બદલ અભિનંદન તેમજ રમત-ગમતનાં ક્ષેત્રમાં રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ સફળ બની ટોચનું સ્થાન મેળવે તથા સમગ્ર કંસારા સમાજનું ગૌરવ અને નામના વધારે તેવી શુભેચ્છાઓ.






★ **શ્રી નિશાંત રસીકભાઈ મહિચ્છા** - તે આદિપુરના પ્રા. રસીકભાઈ મહિચ્છા અને ઈંદુબેનના સુપુત્ર કંપની તરફથી ફાઈનાન્સીયલ સોફ્ટવેર ટેસ્ટીંગના ક્ષેત્રમાં વધુ કાર્યાનુભવ મેળવવા બોસ્ટન - યુ.એસ.એ. ગયા છે. તેમના ધર્મપત્ની **શ્રીમતી આનંદી નિશાંત મહિચ્છા** મુંબઈમાં રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિ.માં ઓફિસર છે અને રાજકોટના શ્રી કાંતિલાલ વાલજી કંસારા (કસ્ટમ સુપ્રિન્ટેન્ડન્ટ) અને પૂર્ણિમાબેનના સુપુત્રી છે.



★ **નિરાલી જગદીશ ગુજરાતી (ભુજ)** પી.ટી.સી. પરીક્ષા પ્રથમ વર્ષની એપ્રિલ-૨૦૦૬ની લેવાયેલ પરીક્ષામાં ૭૫.૩૭% ગુણ મેળવી ડિસ્ટીંક્શન સાથે ઉત્તીર્ણ થયા છે.



★ **હીનલ પ્રકાશભાઈ પોમલ (અંજાર)** ધોરણ-૨ની પરીક્ષામાં ૯૦.૪૦% ગુણ મેળવી ઉત્તીર્ણ થયેલ છે.



★ **કૃણાલી પ્રકાશભાઈ પોમલ (અંજાર)** સિનીયર કે.જી.ની પરીક્ષામાં ૯૦.૩૫% ગુણ મેળવી ઉત્તીર્ણ થયેલ છે.



★ **ડોલી કિશનલાલ સોની (માધાપર)** એ અમરેલી મુકામે રાજ્ય કક્ષાની ગ્રામીણ હોકી સ્પર્ધામાં ભાગ લઈ મેડલ પ્રાપ્ત કરેલ છે.



★ **ચિંતન હર્ષદભાઈ સોની (ભુજ)**એ મુંબઈ સ્થિત International Gemological Instituteમાં ડાયમંડ ગ્રેડિંગનો કોર્ષ ૭૮% સાથે પાસ કરેલ છે. આ ડિગ્રી પ્રાપ્ત કરનાર બ્રાન્ડેડ જ્વેલરી ઉદ્યોગમાં સારો હોદ્દો તથા સારૂં વેતન મેળવી શકે છે.

નવરચિત મહામંડળને
અમારી હાર્દિક શુભેચ્છા....

# શ્રી મારૂ કંસારા સોની સમાજ

## રાયપુર

નવરચિત મહામંડળને
અમારી હાર્દિક શુભેચ્છા....

# શ્રી અખિલ કચ્છ સમસ્ત મારૂ કંસારા
# સોની સમાજ ઉત્કર્ષ મંડળ

## ગાંધીધામ

## લીમડાને આવી ગ્યો તાવ!

લીમડાના 'દાદા' કહે કહી કહીને થાકી ગ્યો
જાવ હજી ફાસ્ટફૂડ ખાવ.
ટીશર્ટને જીન્સવાળી માંજરી બિલાડી કહે,
આપણને દૂધ નહીં ફાવે
પિઝા ને બર્ગરની આખ્ખી આ પેઢીને
રોટલીને શાક ક્યાંથી ભાવે?
વર્ષોથી બોટલમાં કેદી થઈ સડતા એ
પીણાને પીઓ ને પાવ.
જાવ હજી ફાસ્ટફૂડ ખાવ.
અપટુડેટ કાગડાને કાગડીયું
માઈકમાં મંડી પડ્યા છે કંઈ ગાવા
કોઈ પણ ભીંજાય નહીં એવા ખાબોચિયામાં
નીકળી પડ્યા છો તમે ના'વા!
કુંપળના ગીત લીલા પડતા મૂકીને જાવ,
રીમિક્સના ગાણાઓ ગાવ.
જાવ, હજી ફાસ્ટફૂડ ખાવ.
કાન એ કાંઈ થૂંકવાનો ખૂણો નથી
કે નથી પેટ એ કંઈ કોઈનો ઉકરડો
આપણા આ ચહેરા પર બીજાના નખ
શેના મારીને જાય છે ઉકરડો?
માંદા પડવાનું પોષાય કદી કોઈનેય?
સાંભળ્યા છે ડૉક્ટરના ભાવ?
જાવ હજી ફાસ્ટફૂડ ખાવ.

***માનસી દીપકભાઈ કોટડીયા - માંડવી***

## PROVERBS

★ We are the artist for our fate.
★ Music is the medicine of boredom.
★ My village is the diamond for us.
★ Our heart is the house of Love.
★ A picnic is the source of experience.
★ The heart who never welcomes hatered is best.
★ Our heart is small but yes, we can make it very big.
★ A true Love is the second sight of God.
★ Jinal, listen to your heart, it's sound is very sweet.
★ Dry your repentance otherwise repentance will soak your emotions by poison.

***Jinal Pravinchandra Soni – Nagalpur, Mandvi***

## એક પલ

*એક પલ ઐસા લગતા હૈ, તુજે ખોને સે જી ડરતા હૈ,*
*અબ ઠાન લીયા હૈ, દિલ મેં તેરે સાથ અબ રહેના હૈ.*
*અબ તુજે પાને કો દિલો મેં ઉઠા હૈ ધુંઆ,*
*જબસે તુજકો દેખા હૈ, ખુદા સે તુજકો માંગા હૈ,*
*દિલોકો દુનિયાસે અપના જહાં સમજા હૈ,*
*ઉલજી હુઈ દુનિયામેં ઉમ્મીદ બન કે આઈ હો,*
*બંધ પડી તકદીર મેં, મંજીલ બન કે આઈ હો,*
*અબ તુજે પાને કી કોશિષ કરની હૈ જા રે,*
*કુછ ઐસા મૈં જો કામ કરૂં, દુનિયામેં અપના નામ કરૂં.*

***પ્રકાશકુમાર પ્રવીણચંદ્ર સોની - નખત્રાણા***

## કિસ્મત કે ખેલ

*ખેલ ક્યા કિસ્મતને કૈસે કૈસે ખેલે હૈં*
*એક આંખ સે હંસતે હૈ તો દુસરી સે રોતે હૈં*
*પલ પલ હમ મરતે હૈ, ઔર એક પલમેં જી ઉઠતે હૈં*
*ખેલ ક્યા કિસ્મતને કૈસે કૈસે ખેલે હૈં*
*ભરી ભરી ભીડ મેંભી, ખુદ કો તન્હા મહેસુસ કરતે હૈં*
*રોને સે ડરતે હૈં ઔર ગમ કો ગલે લગાતે હૈં*
*ખેલ ક્યા કિસ્મતને કૈસે કૈસે ખેલે હૈં*

***સરોજ હિતેન સોની***

## હાઈકુ

*જીંદગી મોજું*
*દરિયાનું, અટકે*
*આવી કિનારે.*

*અસત્ય ઓથે*
*છુપાયેલું છે સત્ય,*
*જાણો અસત્ય.*

*કરવું પડે*
*પરમાર્થ કર્મેય*
*સ્વાર્થને માટે.*

***પ્રવીણ બગ્ગા - નખત્રાણા***

*One person asks question to another person : "Who is a Doctor?"*

*Another person says : "A Doctor is a person who kills your ills by pills and kills you with his bills."*

***Raj Hiten Soni***

## જરા હસો

પહેલા લોકો ઘરના દરવાજા પર લખતા : 'અતિથિ દેવો ભવઃ'
પછી લખતા : 'શુભ લાભ'
પછી લખવા લાગ્યા : 'ભલે પધાર્યા'
અને હવે લખે છે : 'કૂતરાથી સાવધાન'.

• • • • •

*હમ ભી સુંદર હૈ, આપ ભી સુંદર હો*
*હમ ભી સ્માર્ટ હૈ, આપ ભી સ્માર્ટ હો*
*ફર્ક સિર્ફ ઈતના હૈ,*
*હમ દિલ સે સાફ હૈ, આપ દિમાગ સે સાફ હો.*

• • • • •

*મચ્છરને કાટા વો ઉસકા ઝુનુન થા,*
*આપને ખુજલાયા વો આપકા શુકુન થા.*
*આપ ઉસે માર ન સકે*
*ક્યુંકી ઉસકી રગો મેં આપકા હી ખૂન થા.*

• • • • •

*લહર પેપ્સી કે ઝહર પેપ્સી?*
*કોકા કોલા કે ધોખા કોલા?*

• • • • •

છગન : હે ભગવાન! લોકો કેવા નફફટ થઈ ગયા છે?

મગન : શું થયું?

છગન : ગઈકાલે હું મંદિરમાં દર્શન કરતો હતો ત્યારે જોયું કે મારી પાસે ઊભેલ એક ભાઈએ આરતીના દીવામાંથી સીગારેટ સળગાવી. અરેરે... તે જોઈને મને એટલો આંચકો લાગ્યો કે મારા હાથમાંથી બીયરની બોટલ નીચે પડી ગઈ.

**પ્રણાલી સોની - અમદાવાદ**

## મને ગમે છે

*સ્થગિત જીંદગી કંટાળાના બચકા ભરે છે ત્યારે કુદરતના કર પકડીને ફરવું મને ગમે છે*

*મિત્રવિહોણી હું તડપું છું મિત્ર માટે ત્યારે એ આછી-આછી તડપ મને ગમે છે.*

*આધુનિક યુગે લક્ષ્મણરેખા ઓળંગી છે ત્યારે પ્રાચીન સંસ્કૃતિની સૌની એ ઈચ્છા મને ગમે છે.*

*ચોમેરથી મુશ્કેલીઓ સાદ પાડી રહી હોય ત્યારે 'હિંમત ના હાર બેટા!' એ 'માં'ના શબ્દો મને ગમે છે.*

*હોય 'જીનલ' જ્યારે જ્યારે મન શૂન્યાવકાશ ત્યારે શાંત ચિત્તે કવિતા રચવી મને ગમે છે.*

**કુ. જીનલ પ્રવીણભાઈ સોલંકી - નાગલપુર, માંડવી**

## પ્રભુકૃપા ક્વીઝ કોર્નર

'જ્ઞાતિ સેતુ'ના ગત અંકમાં પ્રગટ થયેલ કોયડાઓનો સાચો જવાબ આપનારને અભિનંદન. એ પ્રશ્નોના જવાબ નીચે મુજબ છે :

(૧) કોલસો, (૨) ત્રણ પક્ષીઓ : કબુતર-૧, પોપટ-૧, ચકલી-૧, (૩) તે માણસ અંધ છે અને તે અંધારામાં બ્રેઈલ લિપિમાં લખેલ પુસ્તક વાંચે છે.

આ પ્રશ્નોના સાચા જવાબ આપનારના નામ : (૧) શીતલ એ. બુધ્ધભટ્ટી - ભુજ, (૨) માનસી તથા ગૌરવ દીપકભાઈ કોટડીયા - માંડવી.

આ પૈકી ***શીતલ એ. બુધ્ધભટ્ટી*** ભાગ્યશાળી વિજેતા જાહેર થયેલ છે. તેમને રૂા. ૧૦૧/-નું રોકડ ઈનામ **પ્રભુકૃપા જ્વેલર્સ - અંજાર** તરફથી આપવામાં આવે છે.

### આ અંકના કોયડા

૧. એવું તે શું છે જેનું માત્ર નામ ઉચ્ચારતા જ તે તૂટી જાય છે?

૨. ભારતના કેટલા વડાપ્રધાનોના મૃત્યુ તેમના વડાપ્રધાન પદ દરમિયાન થયેલ? કયા કયા?

*ઉપરના પ્રશ્નોના જવાબ તા. ૩૦-૯-૨૦૦૬ સુધી, તંત્રીશ્રી, જ્ઞાતિસેતુને સરનામે લખી જણાવશો. સાચો જવાબ આપનાર ભાગ્યશાળી વિજેતાને* **પ્રભુકૃપા જ્વેલર્સ - અંજાર** *તરફથી રૂા. ૧૦૧/-નું રોકડ ઈનામ મળશે. તો થાવ તૈયાર... બેસ્ટ ઑફ લક...*

*આવી રહી હતી મુસીબતોની ગાડીઓ*
*રક્ષાબંધન રૂપી આર.ટી.ઓ.વાળા ઊભા રહ્યા*
*બહેને રાખડી પર સુચના લખી : 'રસ્તો બંધ છે.'*

**કુ. જીનલ પ્રવીણભાઈ સોલંકી - નાગલપુર, માંડવી**

## મેડિકલ ફંડ

મેડિકલ ફંડમાં નીચેની વિગતે મળેલ સહાયનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે.

*રૂા. ૪૦૦/-* ***સુરેન્દ્ર માવજીભાઈ સોની- ભુજ***
*રૂા. ૪૦૦/-* ***અશોકકુમાર ખેતશી બુધ્ધભટ્ટી - ભુજ***

ગત અંકમાં મેડિકલ ફંડમાં સાભાર સ્વીકાર નામમાં કેટલીક પ્રિન્ટીંગ ભૂલ રહી ગયેલ તે નીચે મુજબ સુધારી વાંચવા વિનંતી છે.

*રૂા. ૫,૦૦૧/-* ***સ્વ. સોની પરષોત્તમ લખમશી (મનફરાવાળા) અંજાર.***
***હા. સુરેશભાઈ પરષોત્તમ સોની.***

# "જ્ઞાતિ-સેતુ"ના નવા સભ્યોની યાદી

*દેશના વિવિધ વિસ્તારોમાંથી તથા વિદેશમાંથી સેતુ પરિવારમાં જોડાઈ રહેલ સર્વે જ્ઞાતિજનોને અમો સહર્ષ આવકારીએ છીએ.*

| | | |
|---|---|---|
| ૧. | સોની શાંતિલાલ તુલસીદાસ સોલંકી | વિરાણી મોટી |
| ૨. | સોની રતિલાલ હંસરાજભાઈ | નખત્રાણા |
| ૩. | સોની લહેરીભાઈ (નરનારાયણ જ્યુસ સેન્ટર) | નખત્રાણા |
| ૪. | વાઘેશ્વરી જ્વેલર્સ | નખત્રાણા |
| ૫. | ચામુંડા જ્વેલર્સ | નખત્રાણા |
| ૬. | વિપુલ મેટલ | નખત્રાણા |
| ૭. | સોની ભરતકુમાર વિશનજી કટ્ટા | નખત્રાણા |
| ૮. | સોની ગૌરીલાલ કરશનદાસ | નખત્રાણા |
| ૯. | સોની ગોવિંદજી ડુંગરશી કટ્ટા | નખત્રાણા |
| ૧૦. | પરમાર અનંતભાઈ મોહનલાલ | અમદાવાદ |
| ૧૧. | સોની રમેશચંદ્ર રતનશીભાઈ | નલીયા |
| ૧૨. | સોની રતનશી પ્રેમજીભાઈ | હિંમતનગર |
| ૧૩. | ચુનીભાઈ એમ. પોમલ | કોઠારા |
| ૧૪. | સોની અશ્વિનભાઈ ગોરધનદાસ | ગઢશીશા |
| ૧૫. | બારમેડા અનિલકુમાર ત્રિકમદાસ | જામનગર |
| ૧૬. | સોની ગીતાબેન કરશનદાસ | જામનગર |
| ૧૭. | કાંતિભાઈ વાલજીભાઈ કંસારા | રાજકોટ |
| ૧૮. | રસીકભાઈ આર. મહિચ્છા | આદિપુર |
| ૧૯. | સોની ધીરજલાલ મનજી | ભુજ |
| ૨૦. | જયંતિલાલ ચત્રભુજ કોટડીયા | ઈડર |
| ૨૧. | સોની કિશોરભાઈ ખીમજી બારમેડા | ગઢશીશા |
| ૨૨. | સોલંકી કિશોરભાઈ શંભુલાલ | માંડવી |
| ૨૩. | સોની દિલીપકુમાર કલ્યાણજીભાઈ | સતલાસણા |
| ૨૪. | સોની કાનજીભાઈ કેશવજીભાઈ | અમીરગઢ |
| ૨૫. | સોની ગોપાલભાઈ પુરૂષોત્તમ | નાગપુર |
| ૨૬. | કોટડીયા કિરીટકુમાર જયરામભાઈ | જામનગર |
| ૨૭. | જયેન્દ્ર જયંતીલાલ પોમલ | વાડી (કર્ણાટક) |
| ૨૮. | ચમનલાલ ગોવિંદજી પોમલ | અંજાર |
| ૨૯. | સોની હરેશભાઈ જેઠાલાલ | અંજાર |
| ૩૦. | સોની વિનોદ મુળજી સોલંકી | રવાપર |
| ૩૧. | રોહિણીબેન ભરતભાઈ બુધ્ધભટ્ટી | ભુજ |
| ૩૨. | બારમેડા વસંતલાલ શંકરલાલ | ગઢશીશા |
| ૩૩. | છોટાલાલ એલ. બુધ્ધભટ્ટી | ભુજ |
| ૩૪. | ચીમનભાઈ વેલજીભાઈ સોની | વડોદરા |
| ૩૫. | મહેશભાઈ ગોરધનદાસ બારમેડા | |
| ૩૬. | અરવિંદુકમાર લખમશી કટ્ટા | |
| ૩૭. | જેઠાલાલ દેવજી સોની | ઢોરી |
| ૩૮. | ધનસુખલાલ ગોવિંદજી સોની | ભુજ |
| ૩૯. | રસીકલાલ જેઠાલાલ સોની | ભુજ |
| ૪૦. | કીર્તિભાઈ જેરામ બુધ્ધભટ્ટી | |
| ૪૧. | સુરેન્દ્ર માવજીભાઈ સોની | ભુજ |
| ૪૨. | જમનાદાસ ઓધવજી પરમાર | સિકંદ્રાબાદ |
| ૪૩. | રાજેન્દ્ર ધનજી બુધ્ધભટ્ટી | વર્માનગર |
| ૪૪. | પ્રતીક એમ. પોમલ | ભુજ |
| ૪૫. | વિનોદભાઈ વલ્લભદાસ હેડાઉ | માંડવી |
| ૪૬. | સતીષ ઈન્દ્રજી હેડાઉ | માધાપર |
| ૪૭. | અશોકકુમાર પોમલ | સિકંદ્રાબાદ |


## 'જ્ઞાતિ સેતુ' માટે જાહેરાતના ભાવ

| | બ્લેક/વ્હાઈટ | કલર |
|---|---|---|
| • છેલ્લું ટાઈટલ | ૧૨૦૦/- | ૨૦૦૦/- |
| • અંદરનું બીજું/ત્રીજું ટાઈટલ | ૯૦૦/- | ૧૫૦૦/- |
| • આખુ પાનું | ૬૦૦/- | ૧૦૦૦/- |
| • અડધું પાનું | ૪૦૦/- | ૬૦૦/- |
| • ૧/૪ પાનું | ૩૦૦/- | ૪૫૦/- |

**પ્રથમ વખતે ડિઝાઈનીંગ તથા પોઝીટીવ ચાર્જ નીચે મુજબ અલગથી આપવાનો રહેશે. : કલર જાહેરાત : ૫૦૦/- રૂા. ● બ્લેક-વ્હાઈટ : ૨૫૦/- રૂા.**

**જા.ખ.ની રકમ "*શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ*"ના નામે ચેક/ડ્રાફ્ટ અથવા રોકડ નીચેના સરનામે મોકલવા વિનંતી.**

**ધવલ જ્વેલર્સ, ૧૪, ચાંલ્લા ઓળ, માણેકચોક, અમદાવાદ-૩૮૦ ૦૦૧.**


Printed & published by Shri Manubhai Vitthaldas Kotadia on behalf of Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal. Printed at Kankeshwari Offset, Raipur Darwaja, Bhutni Ambli, Ahmedabad-380 001. Published at Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal, 14, Dhaval Jewellers, Challa Odd, Manek Chowk, Ahmedabad-380 001. Editor :Shri Hansraj Kansara. Price : Rs. 20.00